॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫ ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

–'મા' સર્વેશ્વરી

------X------

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

તા.૧૫ ઑગસ્ટ ૧૯૨૧
(પૂજ્યશ્રી યોગેશ્વરજીનો પ્રાગટ્યદિન)

# 'અધ્યાત્મ'નો વિશેષાંક

# ॥ શ્રી યોગેશ્વરજીની અક્ષરસૃષ્ટિ ॥

'अमन्त्रम् अक्षरम् नास्ति'



# અનુક્રમ


| | | |
|---|---|---|
| ગુરુવંદના | | ૫ |
| નિવેદન : ॥ શબ્દવંદના ॥ | | ૬ |
| શ્રી યોગેશ્વરજીની 'અક્ષર સૃષ્ટિ' | | ૯ |
| ગુરુકૃપાનો મહાપ્રસાદ : 'મા' | 'મા' સર્વેશ્વરી | ૧૩ |
| 'સ્વર્ગારોહણ' : આપની સંકલ્પસૃષ્ટિ | 'મા' સર્વેશ્વરી | ૧૬ |
| 'શ્રી યોગેશ્વરકથામૃત' | 'મા' સર્વેશ્વરી | ૧૮ |
| 'શિવમહિમ્નસ્તોત્રમ્' : ભાષાંતર નહીં હૃદયાંતર | ભાવિન પાઠક | ૨૩ |
| 'બ્રહ્મસૂત્ર' : શ્રી યોગેશ્વરજીનું ભાષ્ય | ડૉ.લક્ષ્મેશ જોશી | ૨૫ |
| 'મહાભારતનાં મોતી' : પુરુષાર્થનું નજરાણું | ડૉ.શાન્તિકુમાર પંડ્યા | ૩૦ |
| 'ગીતાદર્શન' : વિરાટ વિશ્વદર્શન | ડૉ.પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૩૩ |
| 'ભાગવત'ની ભાગીરથી | ડૉ.પ્રચેતા પંડ્યા | ૩૫ |
| 'પરીક્ષિત' : માનવતાનો મંગલ ધ્વનિ | ડૉ. અરુણા ઠાકર | ૩૯ |
| શ્રી યોગેશ્વરજી અને શ્રીરમણસાહિત્ય | શ્રી કાર્તિકેય ભટ્ટ | ૪૫ |
| 'પ્રકાશના પંથે' : શીર્ષકની સાર્થકતા | તરલા દેસાઈ | ૫૦ |
| 'હિમાલયના પત્રો'માં તત્ત્વબોધ | સંકલન | ૬૦ |
| 'ગાંધીગૌરવ' : એક વિશિષ્ટ પુરસ્કૃત કૃતિ | એક અભ્યાસી | ૬૨ |

# ॥ ગુરુવંદના ॥

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીનો હૃદયધબકાર, ભક્તોના હૃદયોમાં હર પળ નિનાદ કરતો, 'સ્વર્ગારોહણ'માં અહર્નિશ ગુંજતો **'ૐ યોગેશ્વરાય નમઃ'** મંત્ર પરબ્રહ્મસ્વરૂપ શ્રી યોગેશ્વરજીના અખંડ નામસ્મરણનો મહિમા કરે છે.

હવે જો આપણે એક જ પ્રભુસત્તાના અવિભાજ્ય અંશ હોઈએ, પ્રભુની બ્રહ્માંડમય કાયાના એક પિંડ હોઈએ તો સ્મરણ કરવા જુદા રહીશું ? એનાથી અલગ રહીને એને યાદ કરીશું ? તો એનો પ્રત્યુત્તર એ છે કે,

'નામીનું નામ લેવાથી ચક્ર ખૂલે છે. એના નાદનાં સ્પંદનોથી આખું વાતાવરણ પવિત્ર-શુદ્ધ થાય છે. આપણી આસપાસ અને આપણી ભીતર જે પંચમહાભૂત તત્ત્વો છે, તેની શુદ્ધિ થાય છે.'

એટલે મન્ત્રોચ્ચારણ માત્ર શાબ્દિક ક્રિયા ન બની રહેતાં, આપણા શ્વાસોચ્છ્‌વાસમાં કશાકનો સંચાર કરે છે, એ જ્ઞાનેશ્વર કહે છે તેમ; 'ખાલી ઘડો નદીમાં ડુબાડતાં તે છલકાઈને ભરાયેલો નીકળે છે.' તેમ 'ૐ યોગેશ્વરાય નમઃ' બોલતાં, માનસિક પ્રણામ કરીને ઊઠતાં; આત્મબોધથી છલકાતાં ઊઠીએ છીએ.

આમ, મંત્રના અક્ષરોના તત્ત્વ સાથે અનુસંધિત થતાં, આપણી ચેતનાનો સંબંધ સીધો પરમ ચૈતન્ય સાથે જોડાય છે; તદ્‌રૂપતાની આ સભાનતા આપણને શાન્ત-પ્રશાન્ત કરી દે છે.

કહેવાય છે કે; 'જ્યારે જ્યારે તમે પરમ શક્તિને ખરા મનથી પ્રણામ કરો છો ત્યારે એ વ્યક્તિમાંથી 'પ્રેમનો એક વિદ્યુતપ્રવાહ વહેવા લાગે છે', જે તમારા લક્ષ્ય સુધી પહોંચવાનું બળ આપે છે.'



# નિવેદન ॥ શબ્દવંદના ॥

ઑગસ્ટ મહિનાની પંદરમી તારીખ કેલેન્ડરની એક મહિમાવંતી તારીખ છે. ચાર ચાર વિશેષતાઓથી એ વિભૂષિત છે. 'પ્રકાશના પંથે' જીવનભર રહી, સ્વયં પ્રકાશસ્વરૂપ બની જનાર પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી તેમજ પૂર્ણયોગના અધિષ્ઠાતા શ્રી અરવિંદની જન્મતારીખ, શ્રી રામકૃષ્ણદેવની મહાસમાધિની તારીખ અને ભારત દેશના સ્વાતંત્ર્યની છડી પોકારતી, મુક્તિની તારીખ ! આવી બહુમૂલ્ય તારીખને તારીખિયાનું એક સામાન્ય પાનું ગણીને એને આસાનીથી ઉલટાવી શકાય નહીં. આ એક એવું ગૌરવપૂર્ણ અટકસ્થાન કહો કે, તીર્થસ્થાન છે; જ્યાં મસ્તક ઝુકાવ્યા વિના, એની 'શબ્દવંદના' કર્યા વિના 'અધ્યાત્મ' આગળ ગતિ કરી શકે જ નહીં.

ભારતના આધ્યાત્મિક ઈતિહાસની ત્રણ શકવર્તી ઘટનાઓ ગણી શકાય એવી આ ત્રણેય વિભૂતિઓએ પોતપોતાની રીતે 'રાષ્ટ્રદેવ'ની વંદના-પૂજા કરી છે.

૧૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૭૨માં કલકત્તામાં જન્મેલા શ્રી અરવિંદ ચૌદ વર્ષ ઈંગ્લેન્ડમાં ભણી આવ્યા બાદ વડોદરામાં નોકરી લઈ, ભારતીય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે અને સંસ્કૃત-બંગાળી શીખે છે. 'ભારતભૂમિની સેવાકાજે મારો જન્મ થયો છે.' એવી ખાતરી સાથે પ્રખર રાષ્ટ્રવાદી બને છે. બ્રિટિશ સરકાર એમને અલીપોરની જેલમાં મોકલે છે. જેલમાં તેઓશ્રી ગીતા, ઉપનિષદો વાંચવામાં અને યોગસાધનામાં રત રહે છે. ને એમની જીવનદૃષ્ટિ સમૂળગી બદલાઈ જાય છે. ધ્યાનમાં વિવેકાનંદનો અવાજ અનેકવાર સંભળાયા કરે છે. શ્રીકૃષ્ણ સાથે એવી તદ્‌રૂપતા સધાય છે

કે, પોતે શ્રીકૃષ્ણ છે એવું અનુભવે છે. પછી જેલમાંથી મુક્ત થતાં ઈશ્વરના આદેશ મુજબ ૧૯૦૯માં ચન્દ્રનગરમાં અને ૧૯૧૦માં પોંડિચેરી પહોંચી મહાસમાધિ પર્યન્ત ત્યાં જ રહી, પૂર્ણયોગની સાધનામાં લાગી જાય છે. એટલે દેશને એમની સૂક્ષ્મ સહાય તો હંમેશ રહે જ છે, જે શ્રી રમણ કહે છે તેમ; 'વધારે કલ્યાણકારક હોય છે.'

૧૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૮૬માં એક સાંજે શ્રી રામકૃષ્ણદેવ નરેન્દ્ર તરફ સ્થિર દૃષ્ટિ કરીને ઊંડી સમાધિમાં ઊતરી ગયા ત્યારે નરેન્દ્રે વીજળીસમ કોઈ સૂક્ષ્મ પ્રવાહ પોતાના શરીરમાં પ્રવેશી રહેલો અનુભવ્યો. ભાન આવતાં જ તેઓશ્રી બોલ્યા : 'અરે નરેન ! આજે મેં તને સર્વસ્વ આપી દીધું છે. આજે મેં તને જે આપ્યું છે તેનાથી તું જગતમાં મહાન કાર્યો કરી શકીશ.' આમ શ્રી રામકૃષ્ણદેવે નરેન્દ્રને દેશ માટે જ નહીં, સમગ્ર દુનિયાની સેવા માટે પ્રેરિત કરેલો. વિવેકાનંદના અનન્ય દેશપ્રેમ તેમજ તેની વૈશ્વિક નિસ્બતથી સમગ્ર વિશ્વ ગૌરવાન્વિત થયું.

૧૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૨૧માં અમદાવાદ અને ધોળકા વચ્ચે આવેલા સરોડા ગામમાં જન્મેલા, અભ્યાસ માટે મુંબઈ લઈ જવાયેલા શ્રી યોગેશ્વરજીને કિશોરવયે ગાંધીજીનાં દર્શન કરતાં થયેલું; 'મારે પણ મહાન બનીને દેશ ને દુનિયાની ભલાઈનાં કામ કરવાં જોઈએ...દેશને આઝાદ કરવાના કામમાં હું ગાંધીજીને કોઈ મોટી મદદ કરી શકું તો કેવું સારું !....હિમાલયમાં રહીને સાધના કરતાં કરતાં મેં નિયમિત ચિન્તન–પ્રાર્થના ચાલુ રાખેલાં.'

૧૯૭૫માં જૂનમાં દેશમાં કટોકટી જાહેર થઈ. સાચા, સંનિષ્ઠ દેશસેવકોને કારાવાસ વેઠવો પડ્યો. લોકશાહીના આત્માને મારી નાખવાનો પ્રયત્ન થયો ત્યારે શ્રી યોગેશ્વરજીએ જગદંબાને પોતાની



રીતે પ્રાર્થના કરી, એના પરિણામરૂપે હોય એમ દેશમાં અચાનક લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ. તા.૦૮/૦૩/૧૯૭૭ના રોજ જગદંબાએ જણાવ્યું : 'આ ચૂંટણીમાં ઈંદિરા ગાંધી હારી જશે. જનતાપક્ષને બહુમતી મળશે. મોરારજી દેસાઈ વડાપ્રધાન બનશે.' અને છેવટે જનતાપક્ષની સરકાર સ્થપાઈ. લોકશાહીની સંસ્થાપનાનો સુવર્ણ અવસર રાષ્ટ્રને પ્રાપ્ત થયો. શ્રી યોગેશ્વરજીને પ્રતીતિ થઈ : 'દેશ દૈવી શક્તિના હાથમાં સુરક્ષિત છે ને સુરક્ષિત રહેશે.'

એટલે ૧૯૪૭માં ભારતને મળેલી અહિંસક આઝાદી મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ તેમજ અનેકાનેક દેશપ્રેમી આત્માઓના ભગીરથ પુરુષાર્થનું પરિણામ હતું. પરંતુ એમાં પરોક્ષ હિસ્સો આ ત્રણ મહાનુભાવોની 'શાન્ત સક્રિયતા'નો પણ હતો. આજે વિશ્વમાં આધ્યાત્મિક રીતે ભારતની સર્વશ્રેષ્ઠ રાષ્ટ્ર તરીકેની ગણના છે. એ ગરિમામાં આ ત્રણ મહાન હસ્તિઓની સૂક્ષ્મ આત્મશક્તિનો નિઃસીમ ફાળો છે.

'અધ્યાત્મ' સામાયિકના મૂળ સંસ્થાપક શ્રી યોગેશ્વરજી, એના સમર્થ સંવાહક શ્રી નારાયણભાઈ જાની; પણ એને અખૂટ-અલૌકિક પ્રેરણા સીંચી, જીવંત-સ્ફૂર્તિવંત રાખનારાં, રાષ્ટ્રપ્રેમથી છલોછલ પરમ વંદનીય 'મા' સર્વેશ્વરી સાથે સમગ્ર 'અધ્યાત્મપ્રેમી પરિવાર' આ 'ત્રણેય અધ્યાત્મવિભૂતિઓ'ને પ્રણમી, સમગ્ર રાષ્ટ્રને-'પ્રાણપ્રિય ભારત દેશ'ને વંદન કરતાં; ટાગોરની જેમ ઉદ્‌ગારી રહે છે :

'હું પ્રત્યેક મહાન વ્યક્તિને ચાહું છું
પણ પૂજા તો રાષ્ટ્રદેવ ! હું તારી જ કરીશ.'

# ॥ શ્રી યોગેશ્વરજીની 'અક્ષરસૃષ્ટિ' ॥

કહેવાયું છે : 'अमन्त्रम् अक्षरम् नास्ति' અર્થાત્ એક પણ અક્ષર અમંત્ર નથી હોતો. સમર્થ સાહિત્યસર્જકનો પ્રત્યેક અક્ષર મંત્રનું સામર્થ્ય ધરાવતો હોય છે. શ્રી યોગેશ્વરજી આવા પ્રતિભાવંત સર્જક છે, એટલે એમની એકે રચના માત્ર 'અક્ષરસમુચ્ચય નથી હોતી, અક્ષરચૈતન્ય હોય છે.' તેમની સર્વ કૃતિઓ કેવળ શબ્દની સામગ્રી ન બની રહેતાં, રસોત્તીર્ણ સર્જનમાં રૂપાંતરિત થઈને વાચકોને અપૂર્વ આહ્લાદ આપે છે.

પરમેશ્વરનો સાક્ષાત્કાર કર્યા પછી જ કલમ હાથમાં લેવાનો જેનો સંકલ્પ હોય, સાહિત્ય દ્વારા જીવનમાંગલ્યનો દર્શન કરાવવાનો ઉપક્રમ હોય એમની 'અક્ષરયાત્રા' વિશે વિચારવા જતાં જ 'શિવમહિમ્નસ્તોત્ર'નો ત્રીજો શ્લોક સ્મૃતિમાં સહજ આવી જાય છે; જેનો ભાવાર્થ છે, 'હે બ્રહ્મસ્વરૂપ મહાદેવ ! મધ જેવી અને અમૃતસ્વરૂપ વેદવાણીના નિર્માતા તો આપ જ છો. એવા આપના માટે દેવગુરુની વાણીમાં પણ નવીનતા દેખાડવાનો અવકાશ ક્યાં હોઈ શકે ? આ બધું જાણ્યા છતાં હું આ પ્રવૃત્તિ કરી રહ્યો છું. એ જ આશયથી કે આપના ગુણાનુવાદના પુણ્ય ભાવે હું મારી વાણી પવિત્ર કરું.' 'અધ્યાત્મના આ વિશેષાંક પાછળ શ્રી યોગેશ્વરજીની અક્ષરયાત્રા કરાવવાનો હેતુ આ જ છે.'

એક જ વ્યક્તિ આત્માનુભવી હોય, પરમાત્માદર્શી હોય, તત્ત્વજ્ઞાની અને યોગી પણ હોય સાથે સાથે અભિજાત કવિ પણ



હોય એ ઘટના દુર્લભ છે. પણ યોગેશ્વરજીમાં આ બધાંનો સમન્વય હતો અને તેથી જ એમની નિર્માણશક્તિ એવી દિવ્ય અને દીપ્તિમંત બને છે કે એમની ચેતનાનો સંસ્પર્શ જે ગ્રંથ પામે છે તે ઝળહળ થઈ ઊઠે છે.

શ્રી યોગેશ્વર માનતા કે, 'પ્રત્યેક કળાની જેમ સાહિત્ય પણ એક સાધના છે. તેથી 'સ્વ'ને 'પર'નું હિત સાધી શકાય છે. જીવનના મંગલ માટેના મંત્ર જેવું થઈ પડે છે.'

ઈ.સ. ૧૯૬૦થી એમણે સાહિત્યની અઠંગ સાધના કરી. વર્ષો પ્રતિદિન ત્રણ કલાક લેખનને ફાળવી તેમણે ચૈતન્યનો મહાઓઘ અવતાર્યો.

ગુજરાતી સાહિત્યનું એક પણ સ્વરૂપ આ સિદ્ધ સંતે અસિદ્ધ રાખ્યું નથી.

તેમણે રચેલા 'ગાંધીગૌરવ' મહાકાવ્યને અનન્ય ગાંધીપ્રશસ્તિને કારણે ભારે પ્રસિદ્ધિ મળેલી. 'રામાયણદર્શન' અને 'કૃષ્ણરુક્મિણી'નું કથાકાવ્ય લોકપ્રિય બનેલાં.

તેમની ઊર્મિકવિતા બાલમાનસ, રાષ્ટ્રપ્રેમ, પ્રાર્થના, ભજન, કીર્તન, આરતી, માતૃભક્તિ, સાંઈભક્તિ, ભક્તિબોધ, જ્ઞાનબોધ જેવા વિષયોમાં વિહરે છે. લોકગીતો અને ભજનો ઉપરાંત કવિવર ટાગોર અને જિબ્રાનના અનુકરણરૂપે ગદ્યકાવ્યો પણ તેઓ રચે છે.

સરળ ગીતા (જેની લાખો નકલો છપાઈ છે) શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુસહસ્રનામ, ચંડીપાઠ તેમ જ રામચરિતમાનસ અને શિવપાર્વતી પ્રસંગ પણ ગુજરાતી પદ્યમાં અવતર્યાં છે.

ગદ્યકાવ્યોમાં અનંત સૂર, સનાતન સંગીત, ફૂલવાડી, અક્ષત, પરિમલ તેમજ અંગ્રેજીમાં 'Tunes unto Infinite' નોંધપાત્ર છે.

ગદ્યક્ષેત્રે ૧૪ નવલકથાઓ તેમ જ એક નવલિકાસંગ્રહ અર્પ્યો છે.

'પ્રકાશના પંથે' ૧૧૦૦ પાનામાં વિરાજિત સત્ત્વસમૃદ્ધ આત્મકથા છે, જે વસ્તુતઃ અધ્યાત્મના-સાધનાના પ્રયોગો અને સિદ્ધિની કથા છે.

'ભગવાન રમણ મહર્ષિ : જીવન અને કાર્ય' અત્યંત ઉદાત્ત અને ગહન જીવનચરિત્ર છે.

આ ઉપરાંત રેખાચિત્રો, પ્રવાસો, યાત્રાઓ, પ્રસંગો વગેરેનું પણ તેમણે લેખન કર્યું છે. એમાં 'હિમાલયના પત્રો' ઉત્તમ ગ્રંથ છે.

શ્રી યોગેશ્વરનું 'ચિંતનાત્મક સાહિત્ય' સૌથી શ્રેષ્ઠ છે. ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગમીમાંસા વગેરે તત્ત્વગ્રંથોને તે આવરે છે. તેઓ શ્રી મહાભારતનાં મોતી પણ વીણી આપે છે તો રામકથાનું અમૃત પણ સારવી આપે છે. ભાગવતી કથાઓ તેમ જ તત્ત્વદર્શન તેમનું મૂલ્યવાન અર્પણ છે.

અનુવાદક્ષેત્રે 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં', 'રમણ મહર્ષિની સુખદ સંનિધિ' તેમ જ 'હિમગિરિના યોગી' જેવા ઉત્તમ અનુવાદો તેમણે આપ્યા છે.

'શ્રી યોગેશ્વરના પ્રગટ ગ્રંથોની સંખ્યા ૯૮ની છે તો અપ્રગટ ગ્રંથો ૫૨ જેટલાં છે. પ્રગટ કાવ્યસંગ્રહો ૨૨ છે તો અપ્રગટ કાવ્યસંગ્રહો ૨૧ છે.'



આમ શ્રી યોગેશ્વરનું સમગ્ર સાહિત્યસર્જન મબલખ છે. અલબત્ત, એમાં સર્જનાત્મકતા કરતાં સંસ્કૃતિ-અધ્યાત્મપ્રીતિનાં દર્શન વિશેષ છે.

પણ એક સાત્ત્વિક કલમ પર સમગ્ર વૈદિક સાહિત્ય, શ્રુતિ, સ્મૃતિ, બ્રાહ્મણો, આરણ્યકો, વેદો, ઉપનિષદો, પુરાણો, આર્ષકાવ્યો આ બધું ઝળૂંબતું હોય ત્યારે આપણો સમગ્ર અધ્યાત્મવારસો સાંસ્કૃતિક, પૌરાણિક, ધાર્મિક, તાત્ત્વિક તેમ જ સામાજિક આભા લઈને સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અવતરણ કરતો હોય એવું લાગે.

શ્રી યોગેશ્વરનું લક્ષ્ય સાહિત્ય દ્વારા સમાજની સેવાનું છે. માનવજીવનના ઉત્થાનનું છે એટલે તે ધર્મ, મોક્ષ કે તત્ત્વજ્ઞાનના રંગે રંગાયેલું છે. આ એક 'સંત સાહિત્યકાર' છે. સંતત્વ એમના સાહિત્યનો વિશેષ છે તો સીમા પણ છે.

વિપુલ, ગુણવત્તાયુક્ત અને કેટલુંક અસાધારણ ઉત્તમ સાહિત્ય સર્જનાર શ્રી યોગેશ્વર માટે સાહિત્યકાર અનંતરાય રાવળ સરસ કહે છે : 'આટલાં બધાં પુસ્તકોનું લેખન-પ્રકાશન એમના અવિશ્રાંત કર્મયોગનું ફળ કહેવાય.'

મનુષ્ય ધર્મનિષ્ઠ થાય તો શો લાભ?
પ્રશ્ન ન કરો :
'પાલખીમાં બેઠો છે એને જુઓ
અને પાલખી ઉપાડે છે એને જુઓ.'

# ॥ ગુરુકૃપાનો મહાપ્રસાદ : 'મા' ॥

ગુરુકૃપાનો મહાપ્રસાદ આ જીવનના એકેએક પૃષ્ઠ પર પથરાયેલો જોઈ શકાય છે. ગુરુકૃપાનું જીવંત સ્મારક આ જીવન છે. આ જીવન ગુરુકૃપાનું મંગલમય તીર્થ છે.

એક સામાન્ય પ્રવાહને ગુરુદિશામાં સહજ રીતે વાળીને અલિપ્ત, ન્યારું, નિરાળું, હરિયાળું જીવનક્ષેત્ર કોણ કરી શકે ?

શા માટે એ જીવન જ પસંદગી પામ્યું ? પૃથ્વી ઉપર ગુરુમહિમાને પુનઃજીવિત કરવા કોણે આ પુરુષાર્થનો પ્રારંભ કર્યો ?

ગુજરાતની જ ધરા ઉપર આ ગુરુકૃપાનું અમૃત કોણ ધરી રહ્યું છે ?

જરા ઓળખી લો. એ ઉજ્જવળ, સાધનાપરાયણ જીવન પાછળ કોનો દોરીસંચાર છે ?

પામી લો એને, વધાવી લો એને, સ્વીકારી લો એને.

એ જ પામવા જેવા છે, એ જ પૂજાપાત્ર છે, એ જ આરાધવા યોગ્ય છે. એમને જ આપણા જીવનમંદિરમાં પ્રતિષ્ઠિત કરવા જેવા છે.

એ સામાન્ય માનવદેહ ધરી, અસામાન્ય દૈવી કાર્ય કર્યા કરે છે. હજાર આંખથી એ સૌને સંભાળ્યા કરે છે. હજાર કાનથી સૌને સાંભળ્યા કરે છે. હજાર ચરણોથી સૌની પાછળ દોડ્યા કરે છે. હજાર હાથોથી આશીર્વાદ ધર્યા કરે છે.



એ છે કોણ ? એને પરખવા યથાશક્તિ પુરુષાર્થ કરી લઈએ. એના સ્મરણે એને પકડવા પ્રયત્ન કરી લઈએ. એના સંકીર્તનથી એને આપણા વચ્ચે અવતરિત કરીએ. એના અંગપ્રત્યંગમાં વસતા ચિન્મય તત્ત્વને અનુભવી લઈએ.

આવો આપણે સૌ સાથે મળી શ્રી અને શક્તિના એ પ્રકાશિત પુંજની પ્રદક્ષિણા કરીએ. પ્રણામ, પાઠ, પ્રાર્થનાથી એને પ્રસન્ન કરી લઈએ.

શા માટે ગિરિકંદરામાં દોડવાની ઇચ્છા કરે છે ? એકાંતસેવન કે કઠોર સાધનાથી પ્રાપ્ત થતું નવનીત પામવા દૂર દેશાવર જવાની ક્યાં જરૂર છે ?

પાસે જ છે. નજીક જ છે. જરા કાન દઈને સાંભળ. ગુરુકૃપાનું મંગલ ગાન છેક સામેથી જ સંભળાયા કરે છે.

જરા આંખ ઉઘાડીને જો. તારી સામે જ ! એક વેંતનું અંતર નથી. ધ્યાનથી જોઈ લે. એના જીવનની ક્ષણેક્ષણને જોઈ લે.

એને કોણ કેવી રીતે જીવાડી રહ્યું છે ! એને અખંડ આનંદના મહાસાગરમાં કોણ સ્નાન કરાવી રહ્યું છે ? એ રાતદિવસ મંત્રના તાંતણે કોને બાંધી લેવા મથી રહ્યું છે ?

જોઈ લે. પ્રભુએ સાવ સમીપે વસવાની સોનેરી તક આપી છે. જરા આંખને ચોળીને, તારી અર્ધનિદ્રાને હઠાવીને સ્પષ્ટ દીવા જેવું દર્શન કરી લે.

જે જે વિશેષતા તને એ જીવનમાં દેખાય છે તે તારામાં કેટલી છે ? પૂછી લે પોતાને. એ વિશેષતા તું પોતે કેટલી તારા

જીવનમાં ઉતારી શકે છે ? જરા પ્રયત્ન કરીને ખાતરી કરીને, સ્વીકારી લે, એ સત્યને સમીપથી માણી લે.

એ સત્યને ગાંઠે બાંધી લે. એ સત્યને ચકાસીને વરવા માટે સજ્જ થઈ જા. જોજે, અમૂલ્ય ક્ષણો હાથમાંથી સરકી ન જાય. સાવધાન ! અનંત જન્મોના સુકૃતે તને સમીપે વસવાની શક્તિ ધરી છે તે ઉઘાડી આંખના સત્યને સ્મરી લે. એ સત્યદર્શનની સંપત્તથી સત્યને સ્મરી લે. એ સત્યદર્શનની સંપત્તથી સંપત્તિવાન બનીજા.

તને જ આ તક મળી છે. તો શંકા, કુશંકા, વહેમ, વાદવિવાદ કે ચર્ચામાં સમય ના વેડફ. અમૂલ્ય ક્ષણોને શ્રદ્ધાથી સજાવી લે. વારંવાર આ અવસર ના મળે. જાગીને જાણી લે, પામી લે, માણી લે.

—'મા' સર્વેશ્વરી

આ 'મા' છે જેમને પૂજ્યશ્રીએ પ્રસાદમાં આપ્યા છે એવો દિવ્યતત્ત્વભાવ જો ટકી જાય તો સાધકને સાધનાની જરૂર ન પડે.

શ્રીહરિ ભક્તને સમર્પિત પણ ભક્તે વ્રતી થવું પડે. 'મા'ને પણ ભક્તો વિના નથી ચાલતું. એક મન સતત મૌન એકાંત ઇચ્છે છે. પૂજ્યશ્રી જાણે કહે છે : 'સર્વેશ્વરી તું ઘરમાં આવ.'

મનને ય થાય છે 'તું શા માટે ભક્તોની પાછળ પાગલ થાય છે ? એના કરતાં જપ કર, મૌન લે.'



## ॥ 'સ્વર્ગારોહણ' : આપની સંકલ્પસૃષ્ટિ ॥

આપણા જીવનમાં કોઈ માર્ગદર્શક જ ના હોત તો ? કોઈ રાહબર કે આંગળી પકડી દોરનાર જ ના હોત તો ? આપણે ક્યાં હોત ?

હે ગુરુભગવંત ! આપે જ પ્રત્યક્ષ પ્રગટી અમને સર્વપ્રકારે, સર્વક્ષેત્રે, સર્વક્ષણે રક્ષાછત્ર ધર્યું છે.

આપની સંકલ્પસૃષ્ટિ છે 'સ્વર્ગારોહણ', જ્યાં આપે આપનાં પુનિત ચરણાવિંદ અંકિત કર્યાં.

પૃથ્વી ઉપર આપનું પવિત્ર સ્મરણતીર્થ છે : 'સ્વર્ગારોહણ' અહીં પ્રવેશતાં જ આપનું પ્રેરક સ્મરણ તીવ્ર બને છે.

આપ આ તીર્થક્ષેત્રે વિશેષરૂપે પ્રકાશિત છો. એથી જ આપણે સૌ એ વિશેષ પ્રકાશને પામવા વારંવાર 'સ્વર્ગારોહણ' આવીએ છીએ.

સર્વશ્રેષ્ઠ સુખ પણ સ્વર્ગારોહણમાં જ આવીને, સાથે મળીને માણવાનું અને અતિ કષ્ટપ્રદ દુઃખ મળે તો તે પણ સ્વર્ગારોહણમાં આવીને જ વહેંચવાનું.

જીવનમાં એક મહિમાવંતું તીર્થ સ્વર્ગારોહણ છે, જ્યાં શ્રી ગુરુદેવના અનેકવિધ સંદેશાઓ સાંભળવા મળે છે :

સાધનાના અને સેવાના, સ્વચ્છતાના અને નિયમિતતાના, શાંતિના અને આનંદના, પ્રેમના અને પવિત્રતાના, સર્વ સંદેશા સ્વર્ગારોહણમાં રાતદિવસ સંભળાયા કરે છે.

કોને સંભળાશે ? જેનામાં શ્રદ્ધા છે, જેનામાં ભક્તિ છે, જેનામાં ગુરુદેવ પ્રત્યેનો અહોભાવ છે. જે ગુરુદેવને સમર્પિત છે, તેના કર્ણપ્રદેશ ઉપર આ સંદેશા ઝીલાઈ રહ્યા છે.

સ્વર્ગારોહણના ત્રણ પર્વ છે : ૧૮ માર્ચ, ગુરુપૂર્ણિમા અને ૧૫ ઓગસ્ટ. આ ત્રણ પર્વે ઋણમુક્ત થવા, ફરજ છે એમ સ્વીકારી અનિવાર્ય હાજરી આપવી એ આપણું પરમ કર્તવ્ય છે.

આપણી તીર્થયાત્રા સ્વર્ગારોહણ. આપણું સાધનાક્ષેત્ર છે સ્વર્ગારોહણ. કુટિયામાં બિરાજેલા તે સૌ આપણી વાટ જોયા કરે છે. શું આપણે તેમને નિરાશ કરીશું ? ના. ત્રણ પર્વે તો દર્શન કરવા જઈશું જ. પણ જીવનમાં જ્યારે જ્યારે જેટલી તક મળે તે સઘળી સ્વર્ગારોહણમાં વીતાવીશું.

તો જ ગુરુઋણમાંથી આંશિક મુક્તિ પામીશું. હે ગુરુદેવ ! આપના લક્ષકોટિ ઉપકારો સામે અમે સ્વર્ગારોહણની ધરતી ઉપર વસીશું, વિચરીશું, પ્રણમીશું, પ્રાર્થીશું.

એ 'પવિત્ર શક્તિપીઠ'માં દરેક પર્વે પધારીને એમની પાસેથી આશીર્વાદનો મહાથાળ પામવાની પ્રત્યેક શ્રદ્ધાળુ ભક્તની ફરજ છે. જે પોતે એ ફરજ બજાવશે તેને તેને ગુરુભગવંતની વિશેષકૃપા મળશે જ. મળે જ છે.

જાગો. ઊઠો. પહોંચો એ પવિત્ર પાવન તીર્થ અને ત્યાં જઈને વિશેષ નિયમોથી કરી લો પૂજન. કરી લો, પુરુષાર્થ અને પામી લો, ગુરુકૃપાનો પ્રસાદ.

આપને, આપની એ વિહારભૂમિને, આપની દિવ્યતાને, અમારાં સૌનાં લક્ષકોટિ પ્રણામ હો પ્રણામ હો, પ્રણામ હો.

સૌનું સર્વપ્રકારે મંગલ હો. સૌનું સર્વપ્રકારે કલ્યાણ હો. સૌને સર્વોત્તમ સાધના કરવાની શક્તિ પ્રાપ્ત હો. સૌને સર્વપ્રકારે શાંતિ હો.

આશીર્વાદ પ્રભુના.

—'મા' સર્વેશ્વરી



# ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૫

## તા. ૧૦-૧-૮૩, સોમવાર, માગશર વદ બારસ ૨૦૩૯

## પ્રિટોરીઆ શહેર

સવારે નિયમિત રીતે પૂ.શ્રી પલંગનો ત્યાગ કરીને સ્નાન માટે બાથરૂમમાં જાય છે. ત્યારે શરીર ઉપર બંડી પહેરી લે છે. પૂ.શ્રી પોતાના ખુલ્લા શરીરને કોઈ જુએ તે પસંદ કરતા નથી. શરીરના નીચેના ભાગે દોઢ વારનો લાંબો સફેદ ટુકડો છે. એક હાથમાં ધોયેલું સફેદ વસ્ત્ર છે. બીજા હાથમાં બ્રશ ને ઊલિયું છે. સ્નાન કરીને આવ્યા પછી પ્રથમ શીર્ષાસન કરે છે. ત્યારબાદ બીજાં આસનો કરે છે. આસન દરમ્યાન બંડી પહેરતા જ નથી. છેક આઠ વાગ્યે બંડી પહેરી લે છે. વ્યાયામ કર્યા બાદ મંત્રજપ માટે માળા લઈને પોતાના પલંગ ઉપર પલાંઠી વાળીને બેસે છે. કોઈવાર વળી, થોડી વાર સૂતાં સૂતાં પણ માળા કરે.

માળા પૂર્ણ થતાં જ બંડી પહેરી લે. માથામાં ઘસીને તેલ નાખે. વાળમાં મધ્યમાં પાંચ પાંચવાર કાન તરફથી ઊભી જ કાંસકી ફેરવે. ઘણીવાર વળી, એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ બોલે પણ ખરા. કાંસકી સાફ કરી જ્યાં હોય ત્યાં ફરી વ્યવસ્થિત મૂકી દે. પછી, પલંગ ઉપરથી ઓશીકાં લઈને નીચે ગરમ ધાબળો કે જાડો રૂમાલ ગડી વાળીને મૂક્યો હોય તેના ઉપર બેસી જાય. પગ ઉપર ઓશીકાં મૂકી, પલાંઠી વાળીને, ઉપર પુસ્તક ને લખવાની નોટ મૂકે ને કલમ ચાલુ થઈ જાય.

ત્યારથી ત્રણ કે સાડા ત્રણ કલાક સુધી, ઓરડામાં કોઈ પણ હોય છતાં વાતો ન કરે. બીજું તો ઓરડામાં કોણ આવે? પહેલાં માતાજી હતાં. હવે હું છું. પણ વાતો કોઈ સાથે નહીં. શાંતિથી લેખન ચાલ્યા જ કરે.

લેખનમાં હાલ 'મહાભારત' ચાલે છે. એટલે કોઈકવાર એમાંથી સળંગ ફકરો ઉતારવાનો હોય તો લેખન બાદ તેઓ મને તે બતાવે ને કહેઃ તમારાથી આ લેખન થાય તો કરજો, નહીં તો હું કાલે કરી લઈશ. તમારે પણ કામ હોય ને?

આઠ વાગ્યે હું રસોડામાંથી ઠંડા દૂધની મોટી બાટલી ને પ્યાલા લાવું. પૂ.શ્રી સાથે હું પણ દૂધ લઉં. પણ કોઈ વાતો ના થાય.

લેખન બાદ પૂ.શ્રી ફરી માળા લઈને જપ કરે. પલંગ ઉપર સૂતાં સૂતાં અથવા ઓરડામાં આંટા મારતાં મારતાં જપ કરે.

પોણા બારે ઉતારાના ઓરડામાં જ ભોજનની થાળી લઈ લઈએ.

સાડા બાર વાગ્યે મુલાકાત માટે ઉતારાના બેઠકના ઓરડામાં જઈએ છીએ. અહીં આવનાર મુલાકાતીઓ પ્રણામ કરે છે.

એક યુવાન બહેન આવે છે, જેઓ અમને ડરબનમાં મળ્યાં હતાં અને પ્રિટોરીઆ આવવાનું અમને આમંત્રણ આપ્યું હતું. વળી, જે દિવસે તે બહેન ડરબનમાં મળેલાં ત્યારે મારે મૌન હતું. એ જાણીને આ યુવતીને પણ પ્રેરણા મળેલી ને તેમણે ત્યાર પછીની ત્રણ અગિયારશોએ મૌન પાળ્યું હતું. એ વાત તે બહેનના પતિ તરફથી જાણવા મળી. તે બહેને જપ અંગે બે-ત્રણ પ્રશ્નો પૂછ્યા.



ત્યારપછી ઘરના યજમાન શ્રી પ્રીતમભાઈએ વિવિધ પ્રશ્નો પૂછ્યા.

પ્રશ્ન : ગુરુ દરેકે કરવા જ પડે?

પૂ.શ્રી : બધાં બાળકો શાળામાં ભણ્યા વિના પાસ થતાં નથી. કોઈક બાળક ઘરે વાંચીને પાસ થાય. તેમ ૯૯ ટકા માણસોને ગુરુના માર્ગદર્શનની જરૂર રહેવાની જ. કોઈક જ પોતાની મેળે આગળ વધી શકે, જેને અપવાદ કહી શકાય.

પ્રશ્ન : સાક્ષાત્કાર એ વિચારોનું પ્રતિબિંબ છે?

પૂ.શ્રી : ના. દર્શનના ઘણા પ્રકારો છે. કોઈને સ્વપ્નમાં દર્શન થાય, પણ તે બળવાન ના કહેવાય. કોઈને ધ્યાનમાં દર્શન થાય; કોઈને સમાધિદશામાં દર્શન થાય; કોઈને જાગૃતિમાં દર્શન થાય. જાગૃતિમાં જે દર્શન થાય તે દુર્લભ. એને માટે ઘણી કઠોર સાધના જોઈએ, જે આ જમાનામાં ઘણું અઘરું છે.

પ્રશ્ન : અષ્ટાંગ-યોગનાં પગથિયાં એક પછી એક ચઢવાં?

પૂ.શ્રી : તમે ભોજનની થાળીમાં એક પછી એક ખાઓ છો?

પ્રીતમભાઈઃ ના. બધું જ થોડું થોડું સાથે ખાઈએ છીએ.

પૂ.શ્રીઃ એ જ રીતે યમ, નિયમ સાથે થાય. વળી, સવારે આસન કરો, ધ્યાનમાં બેસો. જેમ જેમ અંતઃકરણ શુદ્ધ થાય તેમ તેમ આગળ વધો. ધ્યાન ને ધારણા એ આંબાના નાના નાના મરવા છે. સમાધિ એ પાકી કેરી છે. તે કેરીથી જ બ્રહ્માનંદનો રસ.

પ્રશ્ન : અષ્ટાંગયોગનો સાર સારા બનો ને સારું કરો એમાં આવી જાય છે?

પૂ.શ્રી : સારું કરનારના ભોજનની થાળી ઘણીવાર બરાબર હોતી નથી. સજ્જનો હોય ખરા પણ તેઓ હિંસક પદાર્થો ખાતા હોય છે. યમમાં તો અહિંસા પાળવાની હોય છે, તે તેવાઓથી કેવી રીતે પળાય ?

પ્રશ્ન : સમાધિના કેટલા પ્રકાર છે?

પૂ.શ્રી : એમ તો બે જ પ્રકાર છે-જડ સમાધિ ને ચેતન સમાધિ. જડ સમાધિમાં કોઈ અનુભવ નહીં. ઊંઘ જેવી જ અવસ્થા. જડ સમાધિમાંથી પંદર વરસે જાગે તોપણ એવા જ રાગ, દ્વેષ, કામ ક્રોધ રહે. જીવનનું સાચું પરિવર્તન ન આવે.

જ્યારે ચેતનસમાધિમાં આત્માનો અનુભવ સમાધિ દરમ્યાન પણ થાય અને જગત આખાને આત્મવત્ જોવાની ટેવ પડે. જેથી જીવનનું સાચું પરિવર્તન થાય.

પ્રશ્ન : ઘણા કહે છે - "પરમેશ્વર 'નેતિ નેતિ' છે" એટલે શું?

પૂ.શ્રી : એને ગોળની જેમ કહી શકાય. ગોળ કેવો ? મધ જેવો, શેરડી જેવો, ખાંડ જેવો? પણ છેવટે આપણે ચાખીએ ત્યારે જ સાચેસાચ ગોળ કેવો છે તેની ખબર પડે.

ઋષિઓ કહે છે કે અમે તો અમારા કેમેરા પ્રમાણે તેને જોઈએ છીએ. એક જ ઘરના જુદા જુદા ફોટાઓમાં પણ ઘર આખું સમાઈ જતું નથી. ઘણું તેમાં રહી જાય છે. તેમ પરમેશ્વરનું જે પણ દર્શન થાય તે તો પરમેશ્વરનાં વિવિધ પાસાંઓનું અમુક જ દર્શન થાય છે.

પ્રશ્ન : બધાંને જુદાં જુદાં દર્શન થાય?

પૂ.શ્રી : જેની જેવી ભાવના તેને તેવાં દર્શન થાય.



પ્રશ્ન : પુનર્જન્મ માણસનો જ થાય?

પૂ.શ્રી : જેવાં જેના કર્મો.

પ્રશ્ન : ચોર્યાસી લાખ યોનિ છે?

પૂ.શ્રી : ઘણીવાર શાસ્ત્રમાંથી શબ્દાર્થ નહીં, ભાવાર્થ લેવાનો હોય છે. ચોર્યાસી લાખ એટલે અનંત કોટિ અથવા ચોર્યાસી જાતની યોનિ. નાની મોટી અનંત યોનિઓ છે.

જુઓને, ડરબન અમને રતિભાઈ સાપનું ઘર જોવા લઈ ગયેલા, ત્યાં સાપમાં જ કેટલી બધી જાતો છે. કાળા, લીલા, જમીન પર ચાલનારા, ઝાડ પર રહેનારા, પાણીમાં રહેનારા. તો એ રીતે બીજી પણ કેટલી બધી યોનિઓ હશે?

પ્રશ્ન : જન્મ-મરણ પાછળ કોઈ વ્યવસ્થિત તંત્ર હશે?

પૂ.શ્રી : હા. ભગવાનનું સેક્રેટરીએટ હશે જ. અને તે ખૂબ સારી રીતે કામ કરતું હશે.

પ્રશ્નોત્તરી ઘણી લાંબી ચાલી. સમય તો અઢી વાગ્યા એમ બતાવતો હતો. તેથી હવે આરામ માટે પૂ.શ્રી ઓરડામાં પધારે છે.

સાંજે ધ્યાનની સમૂહ બેઠક રાખી હતી. પૂ.શ્રીએ સૌને માર્ગદર્શન આપ્યું.

આજે પણ હૉલમાં પ્રવચન થયું, જેની મૂવી ફિલ્મ ઉતારાઈ. પ્રવચન બાદ તે જોવા પણ મળી.

રાત્રે ફળ-દૂધ લઈને આરામ કર્યો.

**—મા સર્વેશ્વરી**

## ॥ 'શિવમહિમ્નસ્તોત્રમ્' : ભાષાંતર નહીં હૃદયાંતર ॥

'શિવમહિમ્નસ્તોત્ર' એટલે શિવની મહિમાનું ગાન કરતું સ્તોત્ર. આ સ્તોત્ર નીલકંઠ ભગવાન શંકરના દિવ્યસ્વરૂપનું તથા અપાર શક્તિઓની મહિમાનું ગાન કરતું સ્તોત્ર છે. પુષ્પદંતની ભક્તિ અને સમર્પણ આ સ્તોત્રમાં જણાયાં વગર રહેતા નથી. મનના ઊંડાણમાંથી પ્રકટેલી આ સ્તુતિના સમશ્લોકી અનુવાદ માટે તથૈવ સમર્પણ અને ભક્તિની આવશ્યકતા જોઈએ જ. શ્રીયોગેશ્વરજી દ્વારા કરવામાં આવેલ આ સમશ્લોકી અનુવાદમાં પણ તેઓની ભક્તિ અને સમર્પણ આત્મતૃપ્તિનો અનુભવ કરાવે છે.

ઈ.સ. ૧૯૪૯માં પ.પૂ. યોગેશ્વરજીના સિદ્ધ હસ્તે સજ્જ થયેલ આ સમશ્લોકી અનુવાદ ભાવકો અને સાધકો માટે અત્યુત્તમ ભગવતપ્રસાદી છે. જનસામાન્યમાં આ 'ગાગરમાં સાગર' સમાન, રત્નાકર સમી પુસ્તિકા કેટલી પ્રચલિત અને લોકભોગ્ય બની છે, તે આ પુસ્તિકાની ૧૦-૧૦ આવૃત્તિ થવાથી અવગત થવાય છે.

આપણી સંસ્કૃત ભાષા, આદિ ભાષા અને આ જ ભાષામાં આપણું દરેક ધાર્મિક સાહિત્ય, સ્તોત્ર, સ્તુતિ આદિ રચાયેલ છે તે આપણા માટે ગર્વની બાબત છે. કાળક્રમે આપણે સંસ્કૃત ભાષાથી વિમુખ બની ગયા. તે કારણે આ ભાષામાં રચાયેલ આ અમૂલ્ય કોશરૂપી સ્તુતિઓ જનસામાન્ય માટે સમજવી દુર્લભ બની ગઈ. માટે જ આ સમશ્લોકી અનુવાદ આગવું મહત્ત્વ ધરાવે છે. ખૂબ જ સરળ ભાષામાં સમાજના છેવાડાની વ્યક્તિ સુધી સમજપૂર્વકનો 'શિવમહિમ્નસ્તોત્ર'નો અનુવાદ પહોંચે તે પ.પૂ.



યોગેશ્વરજીને અભિપ્રેત રહ્યો છે.

'શિવમહિમ્નસ્તોત્ર' એ શિખરિણી જેવા કર્ણમધુર છંદોનું મિશ્રણ છે. અદ્દલ તેવા જ ભાવ સાથે સમશ્લોકી અનુવાદ અને તે પણ સરળ છતાં પૂર્ણ આલંકારિક ભાષા પ્રયોજીને કરવો તે માત્ર પ.પૂ.યોગેશ્વરજી જ કરી શકે. આ સમશ્લોકી અનુવાદને સાંભળતાં જ શિવશરણમાં હોવાનો ભાસ થાય છે. શબ્દોની પસંદગી, પદક્રમ, શ્લોકબદ્ધતા ખૂબ જ સરસ રીતે શ્રી યોગેશ્વરજીએ રચી છે. આ જ કારણે આ કૃતિ માત્ર ભાષાંતર ન બની રહેતાં હૃદયાંતર પણ બની રહે છે. જાણે નિર્મળ અને કોમળ હૃદયમાંથી નીકળતું ઝરણું જ નિહાળી લો !

પ.પૂ.યોગેશ્વરજીએ આ સમશ્લોકી ભાષાંતર દ્વારા ભાવકની આત્મિક ચેતના જગાડનાર ઉદ્દીપકનું કાર્ય કર્યું છે. સુંદર, લયબદ્ધ અને છંદબદ્ધ છતાં પણ કશે જ બંધાયા વિના મુક્ત અભિવ્યક્તિ વ્યક્ત થતી હોય તેવી અનુભૂતિ થયા વિના ન રહે.

ઉપરાંત આ પુસ્તિકાના અંતમાં યોગેશ્વરજી દ્વારા રચાયેલ શિવસ્તુતિ પણ સમાવિષ્ટ કરવામાં આવી છે તે તો સોનામાં સુંગધ ભેળવવાનું કાર્ય કરે છે.

કષ્ટસાધ્ય કાર્યને ઈશ્વરની સાધના-આરાધના દ્વારા સહજ લીલા બનાવીને પ્રસાદરૂપે ભક્તો સુધી પહોંચતો કરવા બદલ આપણે પ.પૂ.યોગેશ્વરજીના જીવનભર ઋણી રહીશું.

—ભાવિન પાઠક

**'અપારે ખલુ સંસારે કવિરેવ પ્રજાપતિઃ**
**યથાસ્મૈ રોચતે વિશ્વં તથૈવ સર્જતે.'**

# ॥ 'બ્રહ્મસૂત્ર' : શ્રી યોગેશ્વરજીનું ભાષ્ય ॥

મહાત્મા યોગેશ્વરજી મહાન તપસ્વી તથા ખૂબ જ અનુભવાત્મક જ્ઞાની, સિદ્ધયોગી અને મહાવેદાંતી હતા. તેમણે વ્યાસજીના બ્રહ્મસૂત્ર ઉપર સ્વતંત્ર રીતે અનુભવાત્મક ખૂબ જ સરળ શૈલીમાં પોતાના વિચારો પ્રકટ કર્યા છે. તેઓ જેવું જીવન જીવ્યા તેવું જ એમનું લખાણ સરળ શૈલીમાં લખાયેલું છે. એમનું જીવન જ એમનું કવન હતું. ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રના ગ્રંથોનું તેમને અનુભવાત્મક જ્ઞાન હતું અને તેમણે તે જ્ઞાનને સામાન્ય લોકો સમજી શકે તેવી સરળ શૈલીમાં રજૂ કર્યું છે.

બ્રહ્મસૂત્રના પહેલાં ચાર સૂત્રો ઉપર આપણે યોગેશ્વરજીએ સ્વતંત્ર રીતે કરેલાં અર્થઘટન ઉપર વિચાર કરીશું.

૧. અથાતો બ્રહ્મજિજ્ઞાસા ॥

૨. જન્માદ્યસ્ય યતઃ ॥

૩. શાસ્ત્રયોનિત્વાત્ ॥

૪. તત્ તુ સમન્વયાત્ ॥

૧. અથાતો બ્રહ્મજિજ્ઞાસા :–

અથ એટલે હવે, એટલા માટે. અતઃ એટલે અહીંથી બ્રહ્મજિજ્ઞાસા, બ્રહ્મ વિષેની જિજ્ઞાસા અથવા વિચારણાનો આરંભ થાય છે. પ્રથમ પાદના પ્રથમ સૂત્રમાં બ્રહ્મવિષયક વિચારણા અથવા જિજ્ઞાસાના આરંભની વાત કહેવામાં આવી છે. તે સહેલાઈથી સમજી શકાય તેમ છે. બ્રહ્મવિષયક વિચારણા એટલે બ્રહ્મ, પરબ્રહ્મ અથવા પરમાત્મતત્ત્વ સાથે સંબંધ ધરાવનારી સાધારણ અથવા અસાધારણ નાની મોટી સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ સર્વ



પ્રકારની સર્વગ્રાહી બની શકે તેટલી વિસ્તૃત વિચારણા. જે વિચારણા બ્રહ્મ પૂરતો ન્યાય કરે અને જેની પરિસમાપ્તિ પછી બીજી કોઈ વિચારણા શેષ ન રહે. તે જિજ્ઞાસા સર્વ પ્રકારની પરમાત્માસંબંધી જિજ્ઞાસાનો સમ્યક્ સંતોષકારક પ્રત્યુત્તર પૂરો પાડે તેને સંપૂર્ણપણે સફળ તથા શાંત કરે તેવી જિજ્ઞાસા. આનો સૂચિતાર્થ એવો છે કે આ ગ્રંથના રચયિતા મહર્ષિ વ્યાસ એની અંદર પરબ્રહ્મ પરમાત્મા વિષેની શાસ્ત્રવિષયક અને સ્વાનુભવપૂર્ણ માહિતીને સમાવી લઈને તે સંબંધી જિજ્ઞાસાને સંતોષવા માગે છે એની સાથે સાથે સૂત્રનો એક બીજો સૂચિતાર્થ પણ સમજવા જેવો છે. તેના આરંભમાં 'અથ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે સમજવા જેવો છે. તેનો પ્રયોગ પરંપરાગત રીતે કેવળ કરવાને બદલે કરવા ખાતર જ કરવામાં આવ્યો છે કે એમાં કશુંક નોંધપાત્ર રહસ્ય રહેલું છે ? હવે અથવા એટલા માટે બ્રહ્મની જિજ્ઞાસા થાય છે એટલે શું ? માણસે પોતાના જીવનમાં દુન્યવી પદાર્થોની પ્રાપ્તિનો પુરુષાર્થ અલ્પ અથવા અધિક પ્રમાણમાં કરી લીધો છે. એના પરિણામે થોડી ઘણી સંપત્તિ પણ મેળવી છે. સંસારના ભોગોને ભોગવ્યા છે તો પણ તેના અંતરાત્માને શાંતિ નથી. યજ્ઞ, તપ, દાન જેવાં શાસ્ત્રોક્ત કર્મો પણ એને સંપૂર્ણપણે નથી સંતોષી શક્યાં. બ્રહ્મસૂત્ર એ મંગલમાર્ગ તરફ પોતાની આગવી રીતે અંગુલિનિર્દેશ કરી બતાવે છે.

૨. જન્માદ્યસ્ય યતઃ ॥

આ જગતના જન્માદિ જેને લીધે થાય છે તે બ્રહ્મ. આ સૂત્રમાં બ્રહ્મની સંક્ષિપ્ત સારગર્ભિત સુંદર વ્યાખ્યા આપવામાં આવી છે. બ્રહ્મની જિજ્ઞાસાથી પ્રેરાઈને બ્રહ્મની સમ્યક્ વિચારણાનો આરંભ કરવા તૈયાર તો થયા. તે વિચારણાના મહત્ત્વને પણ સમજી લીધું, પરંતુ એ બ્રહ્મ શું છે એની દ્વારા શું અભિપ્રેત છે એ પણ

જાણવું તો જોઈએ જ. માટે જ આ સારવાહી સૂત્રની રચના કરવામાં આવી છે. બ્રહ્મવિષયક મહત્ત્વનો વિચાર રજૂ કરાયો છે. બ્રહ્મ કોઈ વ્યક્તિ નથી પરંતુ શક્તિ છે, ચેતના છે. એની અંદર જ આ સમસ્ત જડ ચેતનાત્મક દશ્યમાન અથવા વિવિધ ઇન્દ્રિયો દ્વારા અનુભવગમ્ય જગત પ્રાદુર્ભાવ પામીને એની અસાધારણ શક્તિથી ચોક્કસ નિયમો કે સિદ્ધાંતોને મર્યાદામાં રહીને એમનું પરિપાલન કરતાં ટકે છે. જેમાંથી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, ટકી રહે છે, તેમાં પાછા લય પામે છે. તેને જાણવાની ઇચ્છા કર. માંડુક્ય ઉપનિષદ પણ કહે છે કે પરમાત્મા સંપૂર્ણ જગતનું કારણ છે. 'પરમાત્માના નામોમાં સચ્ચિદાનંદનું નામ શ્રેષ્ઠ છે.'

તૈત્તિરીય ઉપનિષદ પણ કહે છે કે 'આ બધા જીવો કે પદાર્થો જેમાંથી પ્રાદુર્ભાવ પામે છે અને જેના આધારે ટકે છે તથા જેના પ્રતિ પ્રયાણ કરે છે તેને જાણવાની પ્રવૃત્તિ કરે, તે જ બ્રહ્મ છે.'

૩. શાસ્ત્રયોનિત્વાત્ ॥

શાસ્ત્રએ બ્રહ્મને જગતના કારણ કહ્યા છે એટલા માટે શાસ્ત્ર યોનિ કહેવાય છે. ઉપનિષદાદિ ગ્રંથોમાં તો પરમાત્માને અકર્તા, અવ્યક્ત, નિર્ગુણ અને નિરાકાર કહેલા છે. આટલા મોટા જગતનું કારણ તો કાંઈક હોવું જોઈએ ને. જગતના પ્રાદુર્ભાવ પાછળ નક્કર ચોક્કસ કારણ હોય છે. કોઈ ચેતના, સત્તા, રહસ્ય અથવા જીવનપ્રદાયિની શક્તિ કામ કરે છે. મહર્ષિ વ્યાસનો સાધનાત્મક સ્વાનુભવ ખૂબ જ વિશાળ અને વાસ્તવિક હતો. પરમાત્મા વિષેની આ વાત મારા અનુભવના આધાર પર કહી રહ્યો છું એવું જો એ કહેત તો વિદ્વાનો કે વિચારકો એમની વાતને મોટેભાગે માની લેત. પરંતુ પોતાની જાતને વચ્ચે લાવવાને બદલે એમણે શાસ્ત્રપ્રમાણનો નિર્દેશ કરી બતાવ્યો એ એમની નમ્રતા



દર્શાવે છે. ઉપરાંત વેદાદિ ધર્મગ્રંથો પ્રત્યેની પ્રબળ શ્રદ્ધા ભક્તિ પણ પુરવાર થાય છે.

ગીતાએ જણાવ્યું છે કે કાર્યનો, અકાર્યનો નિર્ણય કરતી વખતે શાસ્ત્ર પ્રમાણભૂત છે. યોગેશ્વરજી જ્ઞાન, ભક્તિ અને કર્મના ઉપાસક છે. મહાત્માજીનું બ્રહ્મસૂત્ર અનુભવમાંથી લખાયેલું છે અને સામાન્યમાં સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે તેવી સરળ શૈલીમાં લખાયું છે. તે તેની મહત્તા છે.

૪. તત્ તુ સમન્વયાત્ ॥

તુ એટલે તથા. તત્ એટલે તે બ્રહ્મ સમન્વયાત્ - સમસ્ત જગતમાં બ્રહ્મ વ્યાપક હોવાને લીધે ઉપાદાન કારણ છે. ઘડાનું ઉપાદાન કારણ માટી છે અને નિમિત્ત કારણ કુંભાર છે. પરમાત્મા સમસ્ત જગતના ઉપાદાન કારણ પણ છે અને નિમિત્ત કારણ પણ છે. જેમ મૃત્તિકા ઘડામાં વ્યાપક હોય છે. તેના વિના બીજું કશું છે જ નહીં. જગતના રૂપમાં, અણુ-પરમાણુમાં પરમાત્મા જ રહેલા છે. 'સર્વ વિષ્ણુમયમ્ જગત્.' જગત પરમાત્માના પ્રતીક જેવું લાગે છે. નરસિંહ ભગત જેવા સ્વાનુભવસંપન્ન સંત પુરુષના શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય. ''જાગીને જોઉં તો જગત દિસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે.'' ઉપનિષદના શાંતિપાઠમાં પણ કહ્યું છે કે આ પરબ્રહ્મ પૂર્ણ છે, જગત પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ પ્રાદુર્ભાવ પામે છે, પૂર્ણમાંથી પૂર્ણ લેવામાં આવે તો પણ પૂર્ણ જ શેષ રહે છે.

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥**

ગીતાજીના ૧૦મા અધ્યાયમાં પણ ભગવાન અર્જુનને કહે છે : 'હે અર્જુન ! હું જ બીજરૂપે રહેલો છું. મારા વિના કશાનું અસ્તિત્વ

નથી. હું જડચેતનમાં બધે જ વ્યાપક છું.'

આમ આપણને બ્રહ્મસૂત્રના પ્રથમ ચાર સૂત્રોના અર્થઘટન વિષેની વિચારણામાં મહાત્માશ્રી યોગેશ્વરજીની મૌલિક દૃષ્ટિ જોવા મળી.

હવે થોડું શંકરાચાર્યજીના બ્રહ્મસૂત્રનું અવલોકન કરીએ. તે આ પ્રમાણે છે :

શંકરાચાર્યજીએ સાધનચતુષ્ટયીને કારણ તરીકે આપેલું છે. સાધનચતુષ્ટયીનો અમલ થાય તો આપોઆપ બ્રહ્મજિજ્ઞાસા પ્રકટ થાય. સાધનચતુષ્ટયી આ પ્રમાણે છે. નિત્ય અને અનિત્ય વસ્તુનો ભેદ કરવો. એમાં જે નિત્ય હોય તેમાં રાગ કરવો. અને અનિત્યમાં વૈરાગ્ય કરવો. આમ વિવેક અને વૈરાગ્ય પછી ષટ્ સાધનસંપતનો અમલ કરવો. ષટ્ સાધનસંપત આ પ્રમાણે છે. શમ (મનની શાંતિ), દમ (ઇન્દ્રિયો ઉપરનો સંયમ), તિતિક્ષા (સહનશક્તિ), ઉપરતિ (વિષયમાંથી મનને રોકવું), શ્રદ્ધા (ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા) (ગુરુવાક્યમાં શ્રદ્ધા), સમાધાન (મનને બ્રહ્મમાં કેન્દ્રિત કરવું), છેલ્લે મુમુક્ષત્વ (બંધનમાંથી છૂટવાની અદમ્ય ઇચ્છા). શંકરાચાર્યજી આ ચારને બ્રહ્મજિજ્ઞાસાનું કારણ માને છે. આ સાધનચતુષ્ટયી સિદ્ધ થાય તો આપોઆપ બ્રહ્મજિજ્ઞાસા પ્રકટ થાય.

યોગેશ્વરજીનું બ્રહ્મસૂત્ર ઉપરનું અર્થઘટન સ્વતંત્ર છે. ખરેખર તો પરંપરાને બાજુમાં મૂકીને સ્વતંત્ર રીતે અર્થઘટન કરવું તેમાં લેખકની સાચી વિદ્વત્તાનાં દર્શન થાય છે. તેથી મહાત્માજીને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. સમાજ એમનો ઋણી છે.

—ડૉ. લક્ષ્મેશભાઈ જોશી



## ॥ 'મહાભારતનાં મોતી' : પુરુષાર્થનું નજરાણું ॥

મહાત્મા યોગેશ્વરજીનો 'મહાભારતનાં મોતી' ગ્રંથ, એમની ઊંડી વિદ્વત્તા, સારગ્રહણક્ષમતા અને વિધાયક વિવેચનદક્ષતાનું ઉત્તમ ઉદાહરણ છે. 'મહાભારત'નો ગ્રંથ આપણા દેશનો એક અદ્વિતીય અને અખૂટ કાવ્યરસનો ધોધ છે. લગભગ લાખ શ્લોક સુધી વિસ્તરતા રહેલા ગ્રંથમાં માનવજીવનના અનેક આયામો, વિગતો, સારપો અને અધૂરપોને સદૃષ્ટાંત અને સટીક વિધાનોથી વર્ણવી છે. મહર્ષિ વ્યાસની ત્રણ ત્રણ વર્ષની સજગ સર્જનશીલતાથી રચાયેલી કૌરવ-પાંડવોની કથા, માનવજીવનને સ્પર્શતી અનેક સમસ્યાઓ અને સુખદુઃખોને કુરુકુળના કુટુંબનો વ્યાપક વિટંબણાઓ દ્વારા વિશદતાથી વર્ણવે છે. મહાત્મા યોગેશ્વરજીએ એ બધી સમસ્યાઓની જટીલતા અને આંટીઘુંટીઓ એકધારી તપશ્ચર્યાથી ચર્ચી છે. 'મહાભારત'નો સ્ફટિક મણિ જેવો આ માહાત્મ્ય શ્લોક નોંધપાત્ર છે કે-

**त्रिभिर्वर्षैः सदोत्थायी कृष्णद्वैपायनो मुनिः ।**
**महाभारतमाख्यानं कृतवानिदमुत्तमम् ॥**

મહાત્મા યોગેશ્વરજીએ 'शतसाहस्री' એટલે કે લગભગ એકલાખ શ્લોક પ્રમાણમાં વિકસેલા આ ગ્રંથના ગદ્યાત્મક સારકાવ્ય તરીકે 'મહાભારતનાં મોતી'માં "સાગરને મોટી ગાગરમાં" સમાવવાનું તલસ્પર્શી સત્કૃત્ય કર્યું છે, મહાભારતના સાગર જેવા મહાકાવ્યને સંક્ષિપ્ત સારરૂપે પણ રજૂ કરવાનું અતિ મુશ્કેલ કામ શ્રી યોગેશ્વરજીએ ભારે ખંત અને પરિશ્રમ લઈને લોકભોગ્ય શૈલીમાં પૂરી સજ્જતાથી પૂરું કર્યું છે.

'મહાભારતનાં મોતી' ગ્રંથના પ્રથમ બે પ્રકરણોમાં એમણે મહાભારતના માહાત્મ્યને એવું તો સરળતા અને સૌજન્યથી સ્પષ્ટ કર્યું છે કે વાચક એ વાંચવા જરૂર આકર્ષાય. 'આદિપર્વ'ને લગતાં પ્રથમ બે પ્રકરણોના વાંચનથી જ આપણને સમજાય છે કે 'મહાભારત' ગ્રંથ અને એના રચયિતા મહામના મહર્ષિ વ્યાસ માટે એમને અસીમ આદર છે. આપણા સમાજમાં કોણ જાણે કેમ એક એવો અપવાદ ફેલાવાયો હતો કે 'મહાભારત' તો વંચાય નહીં, મહાભારત વાંચીએ તો ઘરમાં મહાભારત થાય. પણ આપણા પ્રેમાનંદ જેવા આખ્યાનકારો, સાહિત્યકારો, સંતો અનો યોગેશ્વરજી જેવા મહાત્માઓએ એ મહાકાવ્યનો રસથાળ જનજીવન સમક્ષ ધર્યો. માનવજીવનની સારપો અને અધૂરપો સમજાવતા આ મહાકાવ્યની કથાને મહાત્મા યોગેશ્વરજીએ સંક્ષિપ્ત સારરૂપે પણ અત્યંત આકર્ષક ગદ્યશૈલીમાં પ્રસ્તુત કરી છે.

વિવેચકોએ મહાભારતને દુસ્તર મહાસાગર અને નિબિડ અરણ્યની ઉપમા આપી છે. ધર્મનો મહિમા કરવો હોય તો પણ અર્થ અને કામની આવશ્યકતા અને એના અનર્થોને સમજાવવા મહર્ષિ વ્યાસે કુરુકુળના માધ્યમથી ચારે પુરુષાર્થોની કથા આલેખી છે. મહર્ષિ વ્યાસ આર્ષદૃષ્ટા ઉપરાંત કુરુકુળની કથાના સાક્ષી પણ હતા. પોતાનાં સંતાનો પોતાની નજર સમક્ષ જ જે રીતે કપાઈ મૂઆ એના આઘાતથી, એ કથાના માધ્યમ દ્વારા માનવજીવનની વિટંબણાઓ અને વિડંબણાઓને એમણે વિશ્વસમક્ષ ધરી. આથી એમની પછી આવેલા અને અવતરેલા અનેક સંતો, મહર્ષિઓ, કવિઓ અને યોગેશ્વરજી જેવા મહાત્માઓએ પણ મહાભારતનો સાર પ્રજા સમક્ષ પ્રસ્તુત કર્યો કે જેથી માનવજીવનના પુરુષાર્થો



સોદાહરણ સમજી શકાય.

મહાત્મા યોગેશ્વરજીએ એમના 'મહાભારતનાં મોતી' ગ્રંથમાં મહાભારતના માહાત્મ્યથી માંડીને, 'આદિપર્વ' થી 'શાંતિપર્વ' સુધીની કથાનો સાર પોતાની આગવી શૈલીમાં પ્રસ્તુત કર્યો છે એટલે કે મહાભારતનાં અઢારપર્વોમાંથી બાર પર્વોની કથાઓનો સમાવેશ કર્યો છે. આદિપર્વથી પ્રારંભ થતી કથા શાંતિપર્વના ટૂંકસાર સુધી આલેખાઈ છે.

મહાભારત ગ્રંથ તરફનો શ્રી યોગેશ્વરજીનો અહોભાવ 'મહાભારતનાં મોતી' ગ્રંથના પ્રથમ પ્રકરણમાં જ પ્રગટ થયો છે. પોતાનો આ પ્રાસાદિક પ્રતિભાવ પ્રગટ કરતાં એમણે જે નોંધ્યું છે તે એમના અહોભાવભર્યા પરિશ્રમનું પરિચાયક છે. તેઓ લખે છે, ''સમુદ્રમાં મોતી થાય છે એ જીવનમાં એટલાં બધાં આવશ્યક પણ નથી.'' પરંતુ જ્ઞાનવિજ્ઞાનથી ભરેલા મહાભારતરૂપી સમુદ્રનાં મોતી તો મહર્ષિ વ્યાસે પ્રખર પરિશ્રમ કરીને વિશ્વના હિતને માટે બહાર કાઢ્યાં છે. એ મોતી માનવમાત્રને માટે એટલાં બધાં કીંમતી તથા કલ્યાણકારક છે કે કોઈ વાત નહીં. એ મોતી કેવળ પહેરવાનાં નથી પરંતુ જીવનમાં આત્મસાત્ કરવાનાં છે. એ જ એમની વિશેષતા કે ખૂબી છે. એ મોતીને આપણે આપણી દૃષ્ટિથી મૂલવીએ તો સાચેસાચ લાભ જ થાય, અને ઘણો મોટો લાભ થાય, એમાં સંદેહ નથી. કામ ઘણું મોટું છે કે ભગીરથ છે પણ મૂલ્યવાન છે માટે કરવું જ રહ્યું. એકંદરે એ લાભકારક સાબિત થશે.

—ડૉ.શાંતિકુમાર પંડ્યા

# ॥ 'ગીતાદર્શન' : વિરાટ વિશ્વદર્શન ॥

'ગીતાદર્શન' મહાત્મા શ્રીયોગેશ્વરજી દ્વારા સ્વાનુભવમાંથી તારવીને આર્યસંસ્કૃતિના મહાનગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નો સરળ ભાષામાં વિસ્તૃત મર્મ પ્રગટ કરતી ટીકા છે. ઈ.સ. ૨૦૦૭માં લગભગ ૭૦૦ પૃષ્ઠના આ ગ્રંથની સાતમી આવૃત્તિ પ્રગટ થઈ હતી જે તેની ઉપયોગીતા અને લોકપ્રિયતાની સૂચક ગણી શકાય. પુસ્તકની સંક્ષિપ્ત પ્રસ્તાવનામાં શ્રી યોગેશ્વરજીએ લખ્યું છે, "મોટા મોટા વિદ્વાનોની બુદ્ધિની કસોટી કરનારો, સાક્ષરોની મતિને પણ મૂંઝવનારો અને ચિંતકોને ચકિત કરી નાંખનારો, શ્રીમદ્ ભગવદ્ ગીતાનો અસાધારણ ગ્રંથ ક્યાં ? અને ક્યાં મારી છેક સીમિત શક્તિ અને બુદ્ધિ ? એના વિચારસાગરમાં અવગાહન કરવાનું કાર્ય કઠિન હોવા છતાં પણ, પરમાત્માની પરમ કૃપાથી સરળતાપૂર્વક સમાપ્ત કરી શકાયું છે. ગીતાના પ્રેમી રસિક જિજ્ઞાસુજનોને એ સહેજ પણ સંતોષ આપી શકશે તો મારા પરિશ્રમને સફળ અને સાર્થક સમજીશ."

મહાત્માજીએ પ્રસ્તાવનામાં પ્રગટ કરેલો ભાવ પુસ્તકમાં પણ પુનરાવૃત કર્યો છે. સાતમા અધ્યાયની ચર્ચા દરમિયાન તેઓ 'એક અંજલિ' શીર્ષક અંતર્ગત લખે છે, "શ્રી શંકરાચાર્ય ભગવાનની ટીકા તો સુંદર છે જ, પણ બીજા મહાપુરુષોએ ગીતા પર જે જુદી જુદી ટીકા કરી છે તે પણ સુંદર જ છે. તેમાંયે પંદર વરસની છેક નાની વયમાં જ્ઞાનેશ્વરી જેવી મહાન ટીકા કરનાર સંત જ્ઞાનેશ્વરની ટીકા ખૂબ જ સુંદર ને સરસ છે. આજ સુધી લખાયેલી ગીતાની આવી કેટલીય ટીકાઓ ને વિચારણાઓની



આગળ મારી વિચારણા શું વિસાતમાં ? છતાં પણ તેથી મને પોતાને લાભ થાય છે ને તેની પાછળ સંતો ને સંતોના સ્વામી પરમાત્માની પ્રેરણા ને શક્તિ છે. માટે જ આ કામ હું પ્રેમથી કરી રહ્યો છું. માની છત્રછાયામાં બાળક જેમ નિર્ભય રહે ને ફરે, તેમ હું પણ તેમની છાયામાં નિર્ભય છું."

મહાત્મા શ્રી યોગેશ્વરજી ઉપનિષદો, બ્રહ્મસૂત્ર વગેરે શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા અને તેમણે હિમાલયમાં વીસેક વર્ષ આકરી તપશ્ચર્યા કરી હતી અને આત્મજ્ઞાન લાધ્યા પછી જ જનહિતાર્થે એમણે આ અને આવાં અનેક ગ્રંથો રચ્યા હતા. તેમ છતાં તેમને જરા પણ અભિમાન ન હતું આ ગ્રંથમાં અને એમણે રચેલા અન્ય ગ્રંથોમાં પણ તેમના સ્વાનુભવનો રણકાર સાંભળી શકાય છે. એને લીધે એમના શબ્દો માત્ર મસ્તિષ્કને નહીં, હૃદયને પણ સ્પર્શે છે.

આ ગ્રંથનો વાચક મૂળ ગીતા અને એના ભાવાર્થથી પરિચિત હશે જ એમ માની તેમણે એક એક અધ્યાય લઈ તેમાં આલેખાયેલા મુખ્ય મુદ્દાઓની છણાવટ સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે એ પ્રમાણે કરી છે.

આ રીતે શ્રી યોગેશ્વરજીએ 'ગીતાદર્શન' નિમિત્તે વિરાટ વિશ્વદર્શન કરાવ્યું છે અને જીવન, જગત, જીવ-શિવ વગેરે વિશે વિસ્તારથી વિચારવિમર્શ કર્યો છે. તેમની ચર્ચા કેવળ તાત્ત્વિક ન રહેતાં વ્યાવહારિક વિશેષ છે; સાંપ્રત સમયના સાધકોની સમસ્યાઓ પર કેન્દ્રિત હોવાથી યોગેશ્વરજીનું 'ગીતાદર્શન' અત્યારના જિજ્ઞાસુ, સાધક ભક્તોને વિશેષ ઉપયોગી પુરવાર થાય છે.

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

# ॥ 'ભાગવત'ની ભાગીરથી ॥

**कव सूर्यप्रजावो वंशः क्व्चापलयविषया मतिः ।**
**तितीषुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥**

રઘુવંશ. સર્ગ-૧-૨

મહાકવિ કાલિદાસે રઘુવંશની રચનાના સંદર્ભે ઉપરોક્ત શ્લોક મૂકીને કહ્યું છે કે;

"ક્યાં સૂર્યમાંથી ઉદ્‌ભવેલો વંશ અને ક્યાં ચંચળ એવી મારી મતિ ! ખરેખર એક નાનકડી હોડી વડે સમુદ્રને પાર કરવાની મેં ખેવના કરી છે."

મહાત્મા યોગેશ્વરજી વિરચિત 'શ્રીમદ્ ભાવગત'ના લખવા સંદર્ભે કંઈક આવી જ મીઠી મૂંઝવણ છે. કારણ ગ્રંથ અને મહાત્માજી જેવો ભાષ્યકાર બન્નેને કેમ મૂલવવાં ? નથી એવું જ્ઞાન કે ભક્તિ, સમર્પણ કે એવી પાકટ વય !

આ છતાં માણેલું વહેંચવું એ ન્યાયે 'શ્રીમદ્‌ભાગવદ'નું આ ભાસ્મ આપણે માણીશું.

સંસ્કૃત સાહિત્યમાં પુરાણનો સમય લગભગ ૮મી શતાબ્દીથી ૧૧મી શતાબ્દી મનાયો છે. આ એ સમય હતો કે જ્યારે બૌદ્ધધર્મનું પ્રચલ ખાસ્સું વધ્યું હતું. વળી લોકભાષામાં તેના ઉપદેશકો સમાજમાં વધારે પગદંડો જમાવતા હતા. ત્યારે આદિ શંકરાચાર્યનો જન્મ થયો સ્વયં બાદરાયણના અવતાર એવા આ આચાર્યે હિન્દુધર્મને એક નવું પરિણામ બક્ષ્યું અને અદ્વૈત સિદ્ધાંતની સ્થાપના કરી અને સમાજને એકસૂત્રના તાંતણે બાંધી



આપ્યો. પંચાયતન દેવની સ્થાપના કરી જે હજુ આજે પણ પ્રસ્તુત છે. શ્રીમદ્‌ભાગવત એ વિષ્ણુના દશાવતારનું વર્ણન કરતો ગ્રંથ છે. મહાત્માજીનું આ પરનું ભાષ્ય આધુનિક સંતનું ભાષ્ય છે. દેશ, કાળ અને સંજોગો વચ્ચે કેવી રીતે શ્રદ્ધાવાન બની રહીએ ? એની વિગતે ચર્ચા કરી છે.

આરંભે જ મહાત્માજી આ ગ્રંથને માટે 'ભગીરથની ભાગીરથી' શબ્દ સહેતુક પ્રયોજે છે. કારણ જેમ ગંગાના પુણ્ય સલિલ મન અને શરીરના કષાયોને કાપે છે તેમ તેમ "ભાગવતની ભાગીરથી સંતૃપ્ત આત્માને ઊંડી શાંતિ આપે છે."

મૂળ તો ૧૨ સ્કંધમાં વિભક્ત આ ગ્રંથ મૂળ તો પદ્યાત્મક છે પણ મહાત્માજીએ મહાત્મા ગાંધીના આદર્શે ચાલીને આ ગ્રંથનો સરળ ગદ્યાત્મક ભાવાનુવાદ કર્યો છે અને ક્યાં ક્યાંક પોતાની આગવી શૈલીમાં એક વિશિષ્ટ પરિણામ બક્ષ્યું છે. ૨૦મી સદીના સંતની નજરે સમાજ અને ભગવદ્ ભક્તોની શ્રદ્ધાને વર્ણવી છે. તેમની નજર સમક્ષ ભોળા અને ભક્તિમાર્ગે પ્રસ્થાન કરેલા ભાવકો છે. આ એક એવો દસ્તાવેજ બને છે જેને આપણે

आप्तवचन प्रमाण ! કહીશું.

આ ગ્રંથરચના પાછળ તેના રચયિતા વેદવ્યાસની દૃષ્ટિને વર્ણવતાં તેઓ નોંધે છે કે "સંસ્કૃતિના સંરક્ષક કે પાલકપિતા જેવા જ્ઞાનના સાક્ષાત્ સ્વરૂપ સરખા વ્યાસને ઈશ્વરના ચોવીસે અવતાર પૈકીના એક કહ્યા્ છે."

વળી આ એવા સંત છે કે જેને 'ઋષિપદ' પ્રાપ્ત કર્યું છે.

મહાત્માજીએ સમગ્ર ગ્રંથમાં ઋષિ સંસ્કૃતિને વખાણી છે.

ઋષિ હોવું એટલે ? ''એક માણસ પંડિત, જ્ઞાની, આચાર્ય, ઉપદેશક તપસ્વી કે દાર્શનિક કે કથાકાર બની શકે પણ ઋષિ ના હોઈ શકે...ઋષિપદ તો જીવનની સુયોજિત અસાધારણ અમોઘ સાધનાનો વિશાળ વિકાસક્રમ છે. પ્રત્યેક માનવીએ આવા આપ્તકામ ઋષિ થવાનું છે.''

૧૨ સ્કંધમાં વિભક્ત આ ગ્રંથને કેટલાંક પ્રસંગો પર મહાત્માજીએ કરેલા ચિંતનને જોવા જેવું છે.

પુરંજનઆખ્યાનનું આધ્યાત્મિક અર્થઘટનઃ (સ્કંધ-૪) ''પુરંજન જીવ છે એ પોતાને માટે પુરનું કે નગરનું નિર્માણ કરે છે જીવનો અવિજ્ઞાત નામનો મિત્ર એટલે ઈશ્વર-એના રહસ્યનો પૂરેપૂરો ઉકેલ કોઈનાથી નથી કરી શકાતો બુદ્ધિ એ સ્ત્રી સ્વરૂપ છે. દસ ઈન્દ્રિયો મિત્રો ઇન્દ્રિયોની વૃત્તિઓ એની સખીઓ અને પંચપ્રાણ સાપ, મન મહાબળવાન યોદ્ધો પાંચ તન્માત્રાઓ પાંચાલ પ્રદેશ જેમાં નગર વસેલું છે.''

જડભરતનું આખ્યાનઃ જીવનની પાવન ક્ષણો એ છે જે સંત સમાગમમાં સંતસેવામાં અને આત્મવિકાસની સાધનામાં પ્રસાર થાય છે.

દધીચિ આખ્યાનઃ ''દધીચિ જેવા વિરલ મહાપુરુષ વાણી તે અનુસરે છે... પરમ આત્મનિષ્ઠ અને જીવનમુક્ત હોવાથી કષ્ટ વિના સહેલાઈથી શરીર ત્યજી શક્યા. જીવનમુક્ત પુરુષોની અવસ્થા આવી અલૌકિક હોય છે.''



યયાતિ ચરિતઃ ''ભોગાસક્ત જીવોએ યયાતિના જીવનમાંથી પદાર્થપાઠ શીખવાનો છે ને સમજવાનું છે કે ભોગોથી શાંતિ નથી મળતી. એ ઉપરાંત એ યાદ રાખવાનું છે કે ભોગોની અસારતાને સમજવાથી જ કાંઈ જીવન સફળ નહીં થઈ શકે...તેમાંથી મન પાછું વાળી લેવાનું છે ને ભોગોનો ત્યાગ કરતાં શીખવાનું છે. યયાતિને ગયે વર્ષો થયાં છતાં માનવજાતિના મોટાભાગે એના સ્વાનુભવપૂર્ણ સંદેશને ઝીલ્યો હોય તેવું નથી લાગતું.''

કૃષ્ણ જન્મઃ જીવની અને બુદ્ધિની બધી જ બંધન બેડીઓ તૂટી જાય ને જીવ પૂર્ણ તથા મુક્ત થાય વસુદેવ અને દેવકીના નામમાંથી સુંદર, સારગર્ભિત, શાશ્વત ધ્વનિ ઉઠે છે.

કાલિયનાગ દમનઃ નાગ એ જાતિ છે. કાલિય તેનો પ્રતિનિધિ હતો તે યમુનાના તટે રહેવા આવ્યો હશે અને તેની આસુરી પ્રવૃત્તિથી યમુનાનો ધરો દુષિત થયો હશે...ભાગવતકારે આલેખેલી અનેકવિધ સામગ્રીઓની પૂજનવિધિ જોતાં નાગજાતિના પુરુષ અને સ્ત્રીઓ છે એવું સ્પષ્ટ વર્ણન મળે છે. એટલે કાલિય મનુષ્ય હતો એ પુરવાર થાય છે.

અત્રે માત્ર કેટલાંક જ પ્રસંગો સમાવ્યા છે. કારણ કે અધિકારી તે ગ્રંથ સુધી પહોંચે તેવો શુભ આશય રહેલો છે.

મહાત્માજી પોતે સમગ્રજીવન એક ઋષિની જેમ જીવ્યા અને લોકહિતાર્થે જે ઉપદેશ આપ્યો તે સાંપ્રત સમયે પણ કેટલો પ્રસ્તુત છે તે 'ભાગવતની ભાગીરથી'માંથી પસાર થતાં અનુભવાય છે.

—ડૉ.પ્રચેતા પંડ્યા

# ॥ 'પરીક્ષિત' : માનવતાનો મંગલ ધ્વનિ ॥

'પરીક્ષિત' એ મહાભારત અને ભાગવત આધારિત પૌરાણિક નવલકથા છે. 'માનવ-માનવતા જ મારી પ્રથમ અને પરમ નિસ્બત છે.' એવું માનનારા, એને જ જીવનદર્શન અને સાહિત્યનું માધ્યમ બનાવનારા શ્રી યોગેશ્વરજી 'પરીક્ષિત' નવલકથાને બહુ સરસ રીતે જ 'પૃથ્વીને પ્રાણમય, પુલકિત, પ્રસન્ન કરનાર પ્રેમદેવતા'ને અર્પણ કરે છે.

પ્રાચીન છતાં સત્ત્વશીલતાની દૃષ્ટિએ સર્વકાલીન. એવી આ કથાની કેન્દ્રીભૂત સંવેદના અતિ મહત્ત્વની છે. અહીં સાચા સર્જકની વિશાળી ચેતના દેશકાળની સંકીર્ણતાને વળોટી સાર્વત્રિકતામાં પરિણમન પામે છે.

કૃતિના પ્રારંભમાં જ કર્તાનો શબ્દકેમેરા મહાભારતના યુદ્ધના વિજયોત્સવ પર નહીં પણ એમાં 'શ્રીકૃષ્ણની ભૂમિકા' પર મંડાય છે. કૃષ્ણ સર્વપ્રકારે સર્વત્ર સહાય કરે છે તેથી જ ઉત્તરા અને પરીક્ષિત ઊગરી ગયાં; એવી કૃતજ્ઞતા પહેલા પ્રકરણમાં યુધિષ્ઠિર-દ્રૌપદી સર્વ અનુભવે છે.

બીજા જ પ્રકરણમાં પરીક્ષિતના રાજ્યાભિષેકથી કથા વેગ પકડે છે. પણ એને ધાર આપે છે, કહો કે આંચકો આપે છે 'પરીક્ષિત-ઉર્વશીનો મેળાપ.'-જે સર્જકનું મૌલિક ઉમેરણ છે. પરીક્ષિતની સંસ્કારીતા અને પત્નીપ્રેમ માટે આ કસોટીરૂપ તેમજ કૃતિના વસ્તુવિકાસનું એક નિર્ણાયક તત્ત્વ બને છે.

ત્રીજા પ્રકરણમાં લેખકે બની રહેલી ઘટનાઓના કાળચક્રનું



આલેખન કર્યું છે. ઉદ્ધવ કૃષ્ણના લીલાસંવરણ પ્રસંગનું કરુણ વર્ણન કરે છે. કૃષ્ણની વિદાય પછી સમુદ્રે દ્વારિકાને પોતાના ઉદરમાં સમાવી લીધી. અર્જુન કહે છે મને પણ જીવન અને જગતમાં રસ નથી રહ્યો. તે દસ્યુઓના હાથે પરાજય પામે છે. તેથી યુધિષ્ઠિર અને દ્રૌપદી પણ ગમગીન થઈ જાય છે. યુધિષ્ઠિરનું મન સંસારથી ઉપરામ થાય છે, તેઓ હિમાલયની પાવનભૂમિમાં જવાનો સંકલ્પ કરે છે.

પાંડવો અને દ્રૌપદી પરીક્ષિત-ઈરાવતી અને ઉત્તરાની વિદાય લે છે, તે પ્રસંગ ભાવવાહી છે. હિમાલયની પુણ્યભૂમિના બદરીનાથતીર્થમાં ઉદ્ધવજી સાથે મુલાકાત થાય છે. દ્રૌપદી કહે છે; 'જીવનમાં અમે ઘણું ઘણું જોયું-સાંભળ્યું, હવે પ્રકૃતિજન્ય પદાર્થોનું કશું આકર્ષણ રહ્યું નથી. કેવળ પરમાત્માનો જ સાક્ષાત્કાર શેષ રહે છે.' અમારા જીવનરથના સારથિ કૃષ્ણ કોણ જાણે ક્યાં ગયાં ? કહી અર્જુન કૃષ્ણ વિરહમાં રડી પડે છે. ઉદ્ધવ કહે છે : 'એ તો આપણી પાસે, સાથે અને સર્વવ્યાપક છે.' આ દેવભૂમિમાં તેમને ધ્યાનસ્થ તપસ્વીનું દર્શન થાય છે.

પછીના પ્રકરણમાં લેખકે વિરાટપર્વના પ્રસંગોને ફરીથી વાગોળતાં ઉત્તરાની વેદના દર્શાવી છે. દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિ અર્થે સ્વર્ગમાં ગયેલા અર્જુનને ઉર્વશીનો મેળાપ થાય છે. મોહાંધ ઉર્વશીનો અસ્વીકાર કરતાં અર્જુન ઉર્વશીના શાપનો ભોગી બને છે.

પ્રસ્તુત નવલકથાનો કેન્દ્રવર્તી પ્રસંગ છે પરીક્ષિતને મળેલો શાપ ! આખેટ પર નીકળેલા પરીક્ષિતને જંગલમાં ઉર્વશીનો

અકસ્માતે વિનિયોગ થાય છે. ઉર્વશી તેના પર મોહિત થાય છે. પરીક્ષિત નિરપેક્ષ છે. તે ઉર્વશીને કહે છે, 'પ્રેમ સદા સુખકારક થાય છે અને મોહ દુઃખદાયક.' પરસ્ત્રીનો સ્વીકાર કરવા તે તૈયાર નથી. ઉર્વશીની અનેક દલીલો સમક્ષ પરીક્ષિત સ્પષ્ટ કહે છે, 'મને એવા અધમ આનંદની આકાંક્ષા નથી. શરીરના સુખો કોઈને શાશ્વત શાંતિ તથા સુખ નથી આપી શકતાં.'

સ્વાભિમાન છેડાતાં ઉર્વશી પરીક્ષિતને શાપ આપી દે છે, 'તમારું મરણ આકસ્મિક, કરુણ રીતે કવખતે થશે. જીવનનો પૂરો આસ્વાદ તમે નહીં લઈ શકો.' પાછળથી તેને પશ્ચાતાપ થતાં કહે છે, 'તમારું આકસ્મિક મૃત્યુ તમારા સમસ્ત જીવનનું મંગલ કરશે.'

ઈરાવતી પરીક્ષિતને આખેટ પ્રત્યેની આસક્તિ છોડી દેવા સમજાવે છે. તેનું અંતર સાશંક ઉદ્વિગ્ન છે. હમણાં જ પાછો આવું છું કહેતા પરીક્ષિત મૃગયા પર નીકળે છે. ત્યાં વિશ્રામના હેતુસર શમીક મુનિના આશ્રમમાં આવી પહોંચે છે. સાધનામાં રત મુનિ ધ્યાનસ્થ છે. તેમનાં નેત્રો તો ખુલ્લાં છે પરંતુ તેમની આંતરઅવસ્થા પરમચેતનામાં લીન છે. પરીક્ષિત મુનિની આ અવસ્થાને અણસમજથી ઢોંગ માની બેસે છે. પોતે રાજા છે અને આશ્રમમાં પોતાનો કોઈ આદર સત્કાર નહીં ? તેથી ક્રોધિત બની મૃત સર્પને ધ્યાનસ્થ મુનિના ગળાપર વીંટાળી દે છે. મુનિપુત્ર શ્રૃંગી આવી પહોંચે છે, ઋષિ પિતાનું આ અપમાન, અવહેલના તે સહી શકતા નથી અને આવું અણછાજતુ કૃત્ય કરનાર રાજાને તે શાપ આપે છે. ઋષિપિતા જાગૃત થતાં જ પુત્રને સમજાવે છે



અને પરીક્ષિતના ગુણાનુવાદ કરે છે ત્યારે આપેલ શાપ તો પાછો કેમ વળે ? પણ પરીક્ષિતનું મૃત્યુ આકસ્મિક છતાં મંગલમય હોવાનું કહે છે.

આગળના પ્રકરણમાં પરીક્ષિત પોતાની માતા અને ઈરાવતીને મુનિપુત્રે આપેલ શાપની વિગત જણાવતાં કહે છે, 'મારો અંતકાળ હવે સમીપ છે. વચ્ચે સાત જ દિવસ શેષ રહ્યા છે.' તે જનમેજયનો રાજ્યાભિષેક કરી નિવૃત્ત થવા ઈચ્છે છે. રાજપ્રાસાદનો ત્યાગ કરી સત્સંગની કામનાથી ગંગાકિનારે આવી અને મૃત્યુની તૈયારી કરે છે.

સમગ્ર હસ્તિનાપુર પોતાના પ્રજાવત્સલ રાજાને અકસ્માતે મળેલા શાપથી અતિ વિષાદમાં છે. એક મંત્રવિશારદ કશ્યપ પરીક્ષિતને મળવા જઈ રહ્યો છે. તક્ષક નાગને તેની ખબર પડે છે. બન્ને વચ્ચે સંવાદ સધાય છે. કશ્યપ કહે છે, 'સાત દિવસની અંદર પરીક્ષિતનું મૃત્યુ થશે તે વખતે હું તેને મારી મંત્રવિદ્યાથી ફરી જીવિત કરીશ.' તક્ષક એક ઘટાટોપ વૃક્ષને ફૂંક મારે છે, અને કશ્યપને પડકાર કરે છે કે આ વૃક્ષને લીલુંછમ કરી દો. કશ્યપ સંજીવની વિદ્યાથી વૃક્ષને સજીવન કરે છે. તક્ષકને પ્રતીતિ થાય છે કે આ પ્રયોગથી પરીક્ષિત પુનર્જિવિત થશે. તે કશ્યપને કેટલીક સુવર્ણમુદ્રા આપી વચ્ચેથી જ પાછો વાળે છે.

હવે કૃતિમાં નવો વળાંક આવે છે. પરીક્ષિત દુન્યવી પદાર્થોથી પર બની ગયો છે. તેને મૃત્યુની ભીતિ નથી. તે જીવનમુક્તિની પ્રેરણા આપે તેવા મહાપુરુષની શોધમાં તો છે જ ! ત્યાં કટોકટીની પળે ઉર્વશી આવી પહોંચે છે. એટલામાં

શુકદેવજી પણ પધારે છે. ઉર્વશી પરીક્ષિતને જીવનમુક્તિના પવિત્રમ પદની પ્રાપ્તિ કરાવવા શુકદેવજીને પ્રાર્થે છે. શુકદેવજી ભાગવતના શ્રવણનો ઉપદેશ આપે છે.

કથાની પૂર્ણાહુતિ થતાં શુકદેવજી પરીક્ષિતને પૂછે છે હવે તમને તક્ષકનો ભય સતાવે છે? પરીક્ષિત કહે છે, 'ના, મને તેનો લેશપણ ભય નથી લાગતો. હું અવિનાશી આત્મા છું. સુખ-દુઃખથી મુક્ત છું. તક્ષક કરડશે તો પણ મને દુઃખ નહીં થાય.' શુકદેવજી કહે છે, તો મારી કથા સફળ થઈ.

ભગવાન કૃષ્ણની જે વિરાટશક્તિએ માતા ઉત્તરાના ઉદરમાં તમારું રક્ષણ કરેલું તે જ વિરાટ શક્તિએ તમારા અંતકાળને જ નહીં, સમસ્ત જીવનને ઉજ્જવળ કરવા આપણો સમાગમ કરાવ્યો છે. તે પછી પરીક્ષિત શુકદેવજીના સૂચવ્યા પ્રમાણે પ્રાણનો નિરોધ કરી પરમાત્મામાં પરોવી દે છે. તક્ષક કીડાનું રૂપ ધારણ કરી ફૂલમાં પ્રવેશી પરીક્ષિતને કરડીને વાયુવેગે ચાલ્યો જાય છે. પરીક્ષિતનું શરીર નિશ્ચેષ્ટ બની જાય છે. શ્રીમદ્ ભાગવતના કથાશ્રવણે પરીક્ષિતને પ્રશાંતિની પ્રાપ્તિ કરાવી જીવનને કૃતાર્થ કર્યું હતું.

પિતાના અપમૃત્યુથી જનમેજય ક્રોધે ભરાય છે. પિતાને મારનાર તક્ષક પર વેર લેવા તે તત્પર બને છે અને તક્ષકનાગની સમૂળગી જાતિનો જ નાશ કરવા પ્રેરાય છે. માતા-પત્ની-ઋષિની સમજાવટથી તે કેટલેક અંશે શાન્ત થાય છે. ઇરાવતી સમજાવે છે કે એ પ્રતિશોધ ભયંકર કહેવાય. એ માર્ગ શાંતિનો નહીં, અશાંતિનો છે. 'વિશ્વ વેરથી નથી ટકતું, પ્રેમથી ટકે છે.'



તેમ છતાં જનમેજય નાગજાતિના નાશ માટે યજ્ઞનું આયોજન કરે છે અને સમસ્ત નાગજાતિ અને તેનાં અધિક્ષક તક્ષકની આહુતિ આપવા કટિબદ્ધ છે. આ વિનાશક યજ્ઞનો ઈરાવતી અને ઉત્તરા વિરોધ કરે છે પણ તે માનતો નથી.

મધ્યરાત્રિએ જનમેજયને સ્વપ્નમાં પરીક્ષિતનું દર્શન થાય છે. પરીક્ષિત કહે છે કે તે આદરેલા યજ્ઞને લીધે મને ઘણું દુઃખ થાય છે. તક્ષક અને મુનિપુત્ર તો નિમિત્ત માત્ર છે. તું નાગજાતિનું નિકંદન કાઢવા બેઠો છું તે બરાબર નથી. સવારે સ્વપ્ન સંબંધે ઈરાવતી પણ યજ્ઞ બંધ કરવાનું કહે છે પણ યજ્ઞ તો ચાલે જ છે. તક્ષક આવતો નથી. ઈન્દ્રનું તેને સંરક્ષણ છે. જનમેજય ઈન્દ્રને પણ હોમવાની (તક્ષકસહિત) આજ્ઞા કરે છે. તક્ષક આવે છે, માફી માંગે છે જનમેજય ક્ષમા આપે છે. તે જનમેજયનો સેવક બની રહે છે. ઈરાવતી પ્રસન્ન થાય છે.

આમ કૃતિ એના મુખ્ય કેન્દ્ર તરફ ત્વરિત ગતિ કરે છે. આ બન્ને કથાઓ દ્વારા લેખકશ્રી પોતાને અભિષ્ટ એવી જીવનની મંગલમયતાનો મહિમા કરી રહે છે. તે પોતે પ્રેમદેવતાના ઉપાસક છે. આપણા સમાજ જીવનનો આધાર છે પ્રેમ. 'પૃથ્વી પ્રેમથી ટકે છે.' એ જીવનમંત્ર સાથે કથાનો અંત આવે છે. યોગેશ્વરજી કહે છે તે સાચું છે, 'આ કથા પુરાતન હોવા છતાં એનો સંદેશ સનાતન છે. પૃથ્વી પ્રતિશોધથી નહીં પણ પ્રેમથી ટકે છે, ને જીવવા જેવી બને છે.'

એક પૌરાણિક કૃતિમાં નિત્યનૂતન, જીવનમૂલ્યને રસી દઈને શ્રી યોગેશ્વરજીએ 'પરીક્ષિત'ને એક ગૌરવપૂર્ણ કૃતિ બનાવી દીધી છે.

**—અરુણા ઠાકર**

## ॥ શ્રી યોગેશ્વરજી અને શ્રીરમણ-સાહિત્ય ॥

મહાગ્રંથોના અનુવાદ કરવાની કળા વિશે શ્રીરમણ મહર્ષિએ કહ્યું છે, 'Ten times' attentive reading is writing. 'Hundred times' writing is translating જ્યારે એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરવાનો હોય ત્યારે મુખ્યત્વે ત્રણ બાબતો માત્ર અનિવાર્ય છે. બન્ને ભાષાઓ પરની પકડ એટલે જેમાંથી અનુવાદ થાય છે તે અને જે ભાષામાં અનુવાદ થાય છે તે. આ ઉપરાંત જે વિષયને લગતો અનુવાદ થાય છે એ વિષય પરની પર્યાપ્ત જાણકારી. એમ કહોને કે અનુવાદકે એ વિષયને આત્મસાત્ કર્યા હોય. પૂ.શ્રી યોગેશ્વરથી પાસેથી આપણને બે સર્વોત્તમ ગ્રંથોનો અનુવાદ પ્રાપ્ત થયો. આ માટે ગુજરાતી ભાષાના વાચકો હંમેશાં એમનાં ઋણી રહેશે.

(૧) પોલબ્રન્ટન દ્વારા લિખિત 'A Search in secret India' આ પુસ્તક ઈ.સ. ૧૯૩૪માં પ્રકાશિત થયું અને માત્ર ત્રણ જ દિવસમાં આ પુસ્તક 'Out of print' થઈ ગયું. બ્રિટિશ સફળ પત્રકાર પૉલબ્રન્ટન પોતાની વધતી જતી આધ્યાત્મિક અભિરુચિ અને સત્ય પામવાની અભીપ્સાને સંતોષવા માટે પત્રકારાત્વના પ્રતિષ્ઠિત પ્રિય વ્યવસાયને ગૌણ કરીને, આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ભારતની યાત્રાએ નીકળી પડ્યા. ભારતની પવિત્ર પુણ્યમયી ધરતી પર પગ મૂક્યા પછી એમણે જુદા જુદા પ્રદેશોનો પ્રવાસ કર્યો. ઘણા બધા સંતો,



જ્ઞાનીજનોને મળ્યા પરંતુ આખરે એમણે શ્રીરમણ મહર્ષિને ગુરુ તરીકે અધિષ્ઠિત કર્યા. એમના આ પુસ્તકમાં બ્રન્ટને 'શ્રીરમણ મહર્ષિ' અને 'શ્રીરમણાશ્રમ' વિશે વિગતવાર લખ્યું. ૧૯૩૪-૩૫માં પ્રગટ થયેલ આ પુસ્તક શ્રીરમણમહર્ષિના અધ્યાત્મબોધ માટે તથા સમગ્ર વિશ્વના અધ્યાત્મજિજ્ઞાસુ માટે ભારે ઉપકારક સાબિત થયું. વિશ્વની ઘણી બધી ભાષાઓમાં આ પુસ્તકનો અનુવાદ થયો. આ પુસ્તક પ્રગટ થયા પછી સમગ્ર વિશ્વમાંથી વિદેશી જિજ્ઞાસુઓ તિરુવન્નામલૈ શ્રીરમણાશ્રમમાં મહર્ષિની મુલાકાતે, દર્શન અને દોરવણી અર્થે આવવા લાગ્યા.

શ્રીરમણનાં દર્શન અને અનુભૂતિથી પ્રસન્નતા અનુભવનારા શ્રીયોગેશ્વરજીએ ઈ.સ. ૧૯૪૭માં ઉપરોક્ત ગ્રંથ વાંચ્યો ત્યારે તેમને થયું કે, ''આવી સરસ લોકોપકારક સામગ્રી જો ગુજરાતી પ્રજા સમક્ષ રજૂ કરીએ તો ઘણું સારું થાય.'' આખરે ઈ.સ. એપ્રિલ ૧૯૬૭માં વોરા એન્ડ કંપની પબ્લીશર્સ પ્રા. લિ. મુંબઈ દ્વારા આ પુસ્તક પ્રકાશિત થયું. વર્ષો પહેલાંની પોતાની આ શુભ કલ્યાણપ્રેરક ભાવનાને મૂર્ત સ્વરૂપ આપી શકાયું તેની પાછળ 'ઈશ્વરકૃપા વિના બીજું કાંઈ જ નથી', એમ યોગેશ્વરજીને લાગ્યું. નોંધપાત્ર બાબત તો એ છે કે મૂળ અંગ્રેજી ગ્રંથની ભાષા અઘરી હતી તથા પુસ્તકમાં બ્રન્ટન દ્વારા રજૂ કરાયેલ વિચારો તથા ભાવોની અભિવ્યક્તિ પણ ઠેકઠેકાણે ભારે અટપટી હતી. આથી અનુવાદનું કાર્ય શ્રી યોગેશ્વરજી માટે ધાર્યા જેટલું સરળ ન હતું. યોગેશ્વરજી પ્રસ્તાવનામાં લખે છે કે, ''તો પણ ઈશ્વરની કૃપાથી એ સંતોષકારક રીતે સંપૂર્ણ થયું છે.'' અહીં નોંધવાનું

પ્રલોભન રોકી શકતો નથી કે મારી માન્યતા મુજબ જો શ્રી રમણની ખ્યાતિ અને સંદેશાનો પશ્ચિમમાં પ્રચાર-પ્રસાર કરવાનો યશ પોલબ્રન્ટનને ફાળે જતો હોય તો ગુજરાતી ભાષાના વાચકો સમક્ષ, જિજ્ઞાસુઓ સમક્ષ શ્રીરમણને રજૂ કરવાનો યશ શ્રીયોગેશ્વરજીને ફાળે જાય છે.

શ્રીરમણમહર્ષિ વિશેનું અમુદ્રિત પુસ્તક છે મૌની સાધુ [Sudouski] દ્વારા 'In the days of Great Peace'. એક ઓગણીસવર્ષના અંગ્રેજ યુવાનને ફરજિયાત યુનિવર્સિટીનો અભ્યાસ છોડીને પ્રથમ વિશ્વયુદ્ધમાં સૈનિક તરીકે જોડાવું પડ્યું. પોલબ્રન્ટનનું પુસ્તક વાંચીને અને વિશેષ કરીને શ્રીરમણ મહર્ષિ વિશેના છેલ્લાં બે પ્રકરણો વાંચીને એને થયું કે, "મારા સાચા સદ્‌ગુરુ મને છેવટે મળી ગયા." આ અંગ્રેજ મહર્ષિની સુખદ સન્નિધિમાં દોડી આવ્યો. મહર્ષિ અને આશ્રમ સાથેના પોતાના, નિવાસ દરમિયાનના અનુભવોનું સુંદર પુસ્તક 'In the days of peace' 'મૌની સાધુ'એ પ્રગટ કર્યું. પુસ્તકના સમાપનમાં એ લખે છે, "વાઘના પંજામાં પડેલો શિકાર જેમ છૂટી શકતો નથી તેમ ગુરુની કૃપા પામનાર પણ કદી એકલો પડતો નથી. ગુરુ એની સદા રક્ષા કરે છે." શ્રીરમણમહર્ષિના આ વિધાનનું વિશ્લેષણ કરતાં આ ભક્ત લખે છે, "એનો અર્થ એ થયો કે એકવાર પ્રગતિના પંથે આગળ વધ્યા પછી એકથી વધારે જન્મો લાગે તો પણ પ્રગતિનો પંથ છૂટી શકતો નથી."

શ્રીયોગેશ્વરજીના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ક્યારે પ્રકાશિત થઈ એની મારી પાસે માહિતી નથી પરંતુ ૨૦૦૧માં



ફરીથી 'શ્રીરમણ મહર્ષિની સુખદ સંનિધિમાં શીર્ષકથી પ્રકાશિત થયેલ આ પુસ્તકની નકલ મારી પાસે છે.' ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિ. વડોદરા, દ્વારા પ્રકાશિત થયેલ આ પુસ્કમાં આ સંસ્થાના અધ્યક્ષ શ્રી અંબુભાઈ ડી. પટેલ લખે છે, "ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવાના ભગીરથ કાર્યમાં પૂ.શ્રી યોગેશ્વરજીનું યોગદાન ખૂલવવા યોગ્ય રહ્યું છે. મહાત્મા યોગેશ્વરજીની કલમે તેમની સુંદર શૈલીમાં ભાવાનુવાદ કરાયેલ આ પુસ્તકમાં ભારતીય સંસ્કૃતિ, ભારતની સાધનાપરંપરા અને શ્રી રમણમહર્ષિના સાંનિધ્યમાં રહીને એક જિજ્ઞાસુ પુરુષની કાયાપલટ થઈ તેમજ તેમને સાધનાનો નવો પ્રકાશ લાધ્યો અને સમયના પ્રવાહમાં એમણે અવનવા આધ્યાત્મિક અનુભવને પામીને શાંતિ મેળવી-તેનું આબેહૂબ વર્ણન રજૂ કરેલ છે."

ઈ.સ.૧૯૭૨માં મહર્ષિના નિર્વાણદિન-૧૪ એપ્રિલે શ્રી યોગેશ્વરજીનું 'ભગવાન રમણ મહર્ષિ : જીવનકાર્ય' શીર્ષકથી એક હજાર કરતાં વધારે પાનાનું પુસ્તક આર. આર. શેઠની કંપની, મુંબઈ, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયું. ૫૯ પ્રકરણોમાં વહેંચાયેલ આ પુસ્તકમાં મહર્ષિના જીવનને લગતા લગભગ તમામ પાસાંઓની છણાવટ કરવામાં આવી છે. બી.બી. નરસિંહ, પાસ્કલાઈનમેલર્ટ, સાધુ અરુણાચલ, આર્થર ઓસબોર્ન, સૂરિ નાગમ્મા, દ્વારા લખાયેલ પુસ્તકોનો ઊંડો અભ્યાસ શ્રીયોગેશ્વરજીના પુસ્તકમાં પ્રતિબિંબિત તો થાય છે સાથે સાથે મહર્ષિ દ્વારા લખાયેલ કૃતિઓની પ્રસંગો વિશેનું લખાણ પુસ્તકો રસપ્રદ બનાવે છે. વિશેષ નોંધપાત્ર બાબત તો એ છે કે

જ્યારે શ્રીરમણમહર્ષિ વિશેના ગુજરાતી ભાષામાં કોઈપણ પુસ્તક [નાની પુસ્તિકા બાદ કરતાં] ઉપલબ્ધ ન હતું ત્યારે આ પુસ્તક પ્રકાશિત થયું હતું. મને મનથી-હૃદયથી શ્રીરમણની સંનિધિમાં લઈ જવામાં આ પુસ્તકનો ફાળો અમૂલ્ય અને અવર્ણનીય છે. શ્રીરમણના દર્શન અને અનુભૂતિસંપન્ન યોગેશ્વરજી લખે છે, ''આ ગ્રંથની રચના દરમિયાન વીતેલી ક્ષણો એવી જ સુંદર સ્વર્ગીય સૌભાગ્યક્ષણો હતી. એ ક્ષણોએ મને મહર્ષિની સંનિધિનો અમૃતમય આસ્વાદ તો કરાવ્યો જ પણ બીજી અનેક રીતે લાભ પહોંચાડ્યો !''

આ લખાણને વિરામ આપતાં પહેલાં બે વાતો લખવાનું મન થાય છે. યોગેશ્વરજીમાં મને ચાર સુંદર વાતો જણાઈ : આકરી તપશ્ચર્યા, આધ્યાત્મિક સાહિત્યનું સર્જન, ઉપદેશાત્મક પરિભ્રમણ અને અનન્ય ભાવે થયેલ માતૃસેવા. શ્રીઅરવિંદ પ્રત્યે શ્રીડિવાઈન મધરે જે રીતે અશેષ સમર્પણ કર્યું હતું એવું જ સમર્પણ શ્રી યોગેશ્વરજી પ્રત્યે 'મા' સર્વેશ્વરીનું રહ્યું છે. શ્રી આનંદમયી પ્રત્યે ગુરુપ્રિયાદીદીની, સ્વામી રામદાસ પ્રત્યે કૃષ્ણાબાઈની, શ્રીરામકૃષ્ણ પ્રત્યે માસ્ટર મહાશયની, યશોદામા પ્રત્યે યોગીશ્રીકૃષ્ણપ્રેમની જે શ્રદ્ધાભક્તિ હતી એવી જ ગુરુપ્રત્યેની અનન્ય નિષ્ઠાનાં દર્શન મને 'મા' સર્વેશ્વરીમાં થાય છે. આ બન્નેની હૃદયપૂર્વક સ્મરણવંદના કરું છું. હરિઃ ૐ.

—શ્રીકાર્તિકેય ભટ્ટ



## ॥ 'પ્રકાશના પંથે' : શીર્ષકની સાર્થકતા ॥

'A title must be short but significant' અર્થાત્ શીર્ષક ટૂંકું પણ માર્મિક હોવું જોઈએ. વળી શીર્ષકમાંથી કૃતિ પ્રગટે અને કૃતિમાંથી શીર્ષક સ્ફુરી રહે એવો અવિનાભાવિ સંબંધ બંને વચ્ચે હોવો જોઈએ. અને તો જ શીર્ષક કેવળ નામ ન બની રહેતાં, કૃતિનો પરિચય, કૃતિની સાચી ઓળખવિધિ કરાવનારો સજીવ અંશ બની જાય.

હિમાલય નિવાસી મહાત્મા શ્રીયોગેશ્વરજીની આત્મકથાનું 'પ્રકાશના પંથે' શીર્ષક કેવું ઉચિત, અર્થવાહી, પ્રતીકાત્મક તેમજ સાર્થક છે તે કૃતિના સંદર્ભમાં અવલોકવા પ્રયત્ન કરીએ.

પહેલાં તો આપણે 'પ્રકાશના પંથે'નો **અભિધાના** સ્તરે સમજવા કોશિશ કરીએ. શબ્દોનો સીધો વિનિયોગ સૂચવે છે તેમ અહીં પથિકે પોતાની સ્થિતિ કે ગતિનો મહિમા કરવા ચાહ્યો નથી, 'પંથ'નો જ મહિમા, એનું માહાત્મ્ય પ્રકાશના રૂપક દ્વારા મૂર્ત કરવા ચાહ્યાં છે. તેથી આત્મકથામાં અહીં અહમ્ ઉભરાતું નથી, આત્મતત્ત્વ છલકાય છે. સહજ વિનમ્રતાનું ઐશ્વર્ય અનુભવાય છે. જાણે ફૂલ સુંગધનો મહિમા કરે, સાગર જળનો, કોડિયું જ્યોતનો, મહિમા કરે એમ !! સર્વપ્રથમ તો આપણે 'પ્રકાશ' શબ્દના 'કોશગત અર્થ' જોઈએ :

(૧) 'પ્રકાશ' એટલે પ્ર+કાશ=વિશેષ પ્રકાશવું તો 'પ્રકાશના પંથે'માં શ્રીયોગેશ્વરજીનો પુણ્યાત્મા વિશેષરૂપે પ્રકાશે છે.

(૨) 'પ્રકાશ' એટલે બહાર પાડવું, પ્રગટ કરવું શ્રીયોગેશ્વરજીનો આત્મા આત્મકથારૂપે પ્રગટ થયો છે.

(૩) 'પ્રકાશ' એટલે સમજમાં આવે એવું સ્વચ્છ-વિશદ અહીં 'સાધના કરો અને સિદ્ધિ પામો' આત્મા ઉજાળો અને પરમ પ્રકાશને પામો એવું સ્વચ્છ-વિશદ સમજણ છે.

(૪) 'પ્રકાશ' એટલે તાણીને કહેવું, મોટેથી કહેવું અહીં શ્રી યોગેશ્વરજી પોકારી-પોકારીને જાણે કહે છે : 'પસંદ કરવા જેવો એક જ પંથ છે-પ્રકાશનો !'

એટલે 'પ્રકાશ'ના પ્રત્યેક અર્થમાં 'પ્રકાશના પંથે' શીર્ષક સમુચિત છે.

આ પ્રકાશ કોઈ સ્થૂળ દ્રવ્ય નથી એટલે કોઈનો એ ઈજારો નથી કે કોઈની અંગત માલિકી નથી. એટલે બંધ તિજોરીરૂપે નથી, ખુલ્લા પંથરૂપે છે. જે ચાહે એ ગતિ કરી શકે. સર્વને પ્રગટ નિમંત્રણ છે આ પંથ કોઈનો અલાયદો દાવો સાંખતો નથી. જેનાં ચરણ અહીં સ્થિત થાય, ગતિવંત થાય તેને પંથ સહજ આવકારે.

છતાં 'પ્રકાશના પંથે' શીર્ષકમાં પથિકનો પરિશ્રમ ધ્વનિત છે. કેમકે પ્રકાશ તો અંતિમ પરિણામ-છેવટની ઉપલબ્ધિ છે. અનેક તડકા-ભડકા-જ્વાળાઓમાંથી પસાર થયા બાદ પ્રકાશ સિદ્ધ થાય છે. ગરમી, દાહકતા જે સહી શકે તે જ પ્રકાશ પામી શકે, અંદરના પ્રજળતા અગ્નિનું જ પ્રકાશમાં પરિણમન થાય છે. એટલે 'પ્રકાશનો પંથ' ખરેખર તો 'અગ્નિપથ' છે. જેમાં ઈંધણરૂપે બધું જ હોમી દેવાનું છે. અહમ્ ભડકે બળે ત્યારે જ આત્મપ્રકાશ થાય. કવિ કહે છે ને ? 'પ્રેમપંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને, હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.'

એટલે 'પ્રકાશના પંથે' ગતિ કરવાનો વિચાર કરોડોમાં કોઈ યોગેશ્વરજી જેવા વિરલ મહાત્માને જ આવે છે. સર્વસ્વને હોડમાં



મૂકી, અસ્તિત્વના અણુએ અણુને ખર્ચી નાંખવાની શક્તિ, જીવનને પડકારમાં રૂપાંતરિત કરવાની ક્ષમતા આકરા ઉપવાસ, કઠિન વ્રત, અ-ખંડ જાગરણ, ધ્યાન, યોગ, જંગલોના સંકટ-અગવડો વેઠવાં, શરીર અને મનને ન ગણકારી કેવળ જગદંબાના આદેશને જ જીવવા એ માટે જ શ્વાસોચ્છ્વાસ ટકાવવા આ બધું કેવળ ઈશ્વરના પરમ અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે. આ માર્ગે કશું મેળવવાની તો વાત જ નથી પણ જે કંઈ છે એ સમગ્રને લૂંટાવી દેવાનું અપ્રતિમ સાહસકર્મ છે.

'પ્રકાશનો પંથ' વસ્તુતઃ અગ્નિકુંડ છે, જેમાં બધું જ-જે કંઈ બહિર્ગત છે એ બધું હોમવાથી એના ભડકામાંથી જ ભીતરી-અંતર્ગત પ્રકાશ સિદ્ધ થાય છે. એટલે જગત જેને 'પ્રકાશના પંથે' પુસ્તકરૂપે પામે છે એ હકીકતમાં 'એક પુણ્યાત્માનો ભીતરી ઉજાસ' છે. 'જે ચીલાચાલુ આત્મકથા નહીં, આત્મા-કથારૂપે' પ્રકાશિત કરવામાં આવી છે એટલે જ એ ઝળહળ છે ! - તો આ છે અભિધાનો અર્થ.

હવે આવીએ આપણે **વ્યંજના** પર ! 'પ્રકાશ' એટલે અધ્યાત્મ-આત્માભિમુખ થવું તે. અથવા પરમાત્માને પામવાની ઉત્કટ અભીપ્સા જે પંથ પર લઈ જાય તે 'પ્રકાશનો પંથ'.

સંસાર અંધકારમય છે માટે આત્મા તરફ જવું એમ નિષેધભાવથી યોગેશ્વરજી પ્રેરાયા નથી પણ એમને જડ વ્યવહાર સ્તરે, નરી સપાટીએ, સામાન્ય સરેરાશ છીછરું જીવન, ઐહિક જીવન નથી જીવવું. એક અંગ્રેજી જોડકણામાં કહ્યું છે તેમ : 'સોલોમન'

'સોમવારે જન્મ્યો
મંગળવારે નિશાળે ગયો

બુધવારે નોકરીએ લાગ્યો
ગુરુવારે પરણ્યો
શુક્રવારે બાળકોનો પિતા બન્યો
શનિવારે માંદો પડ્યો
રવિવારે તેની જિંદગીનો ખેલ ખતમ થયો.'

એની જેમ મહામૂલું માનવજીવન 'જન્મ, શિક્ષણ, આજીવિકા લગ્ન, માંદગી, મૃત્યુ'ની સરેરાશ સપ્તપદીમાં શ્રી યોગેશ્વરજીએ વીતાવવું નહોતું. કેમકે, સૉક્રેટિસની જેમ 'વાસ્તવિક સત્તાના ક્ષુદ્ર પરિવેશમાં નહીં, અખૂટ સંભાવનાના પરિપ્રેક્ષ્યમાં પોતાના આત્માને મૂકી જોવો હતો.' 'પ્રભુપ્રાપ્તિનું ધ્યેય-લક્ષ્ય સાધવા દેહ-મનના અંધારામાં અટવાવાને બદલે પ્રકાશના પંથે રહેવા-ચાલવા-આગળ ને આગળ વધવા ચાહ્યું અને એની શરત તરીકે સાધના, કઠિન સાધનામય જીવન સ્વીકાર્યું.'

શ્રી યોગેશ્વરજીને ખબર હતી 'પ્રકાશનો પંથ' નથી ready made, નથી એનો short cut. એ તો 'Long is the way and narrow is the gate' જેવો છે. નથી roses, roses all the way નથી કોઈએ દીવાઓ પેટાવી રાખ્યા આ માર્ગે! જાતે જ કેડી કંડારતા જવાનું છે. અને 'આત્મદીપો ભવ'ની ભાવના હૃદયે રાખવાની છે. 'ન તત્ર સૂર્યા ભાતિ ન શશાંક ન પાવક.' 'ઊંડા અંધારેથી પરમ તેજે નહીં' પણ આછા તેજમાંથી મહાતેજમાં (વિવેકાનંદ જેને 'from lower truth to higher truth' કહે છે.) સ્વયં જવાનું હતું.

એટલે પ્રકાશનો પંથ જાતે સિદ્ધ કરતા જવાનું, સ્વયં ગતિ કરવાની અને છેવટે પ્રકાશ થઈ જવાનું. (શ્રી રમણ મહર્ષિ કહે છે તેમ, આત્મસાક્ષાત્કાર એટલે પ્રકાશમાં ભળી જવું નહીં,



પ્રકાશ થઈ જવું.) તો આ પ્રકાશના પંથે પથિક પોતાનાપણું ઓગાળી, પંથના પ્રકાશ તરીકે એના પર્યાય તરીકે પ્રસરી ન જાય, વિસ્તરી ન જાય, જ્યાં સુધી એની આત્મચેતના પ્રભુચેતના સાથે એકરૂપ ન થઈ જાય ત્યાં સુધી સાધના-યાત્રા ચાલુ રાખવાની. પરિણામે આ પંથ દુર્ગમ, અત્યંત કઠિન.

પણ પ્રયત્ન કરનાર, સતત મથનાર, તીવ્ર તલસાટ અનુભવનાર 'મા' સર્વેશ્વરી કહે છે તેમ, 'અગ્નિની જ્વાળાઓ વચ્ચે હોઈએ ને જે પોકાર ઊઠે એમ જે તલસે એ જ પ્રભુપ્રકાશને પામીને જ રહે છે. પરમતત્ત્વ પ્રીછવું સુલભ નથી, પામવું અતિ મુશ્કેલ છતાં શક્ય છે.' આ સત્ય 'પ્રકાશના પંથે' શીર્ષકમાં ઝળકે છે. સરોડાના એક બ્રાહ્મણ જીવે એક-બે નહીં. પૂરાં પચીસ વર્ષ આ સત્ય સિદ્ધ કરવા ખર્ચી કાઢ્યાં. પણ કઈ રીતે ? શું કર્યું ? કયાં કેવાં વિઘ્નોનો સામનો કર્યો ? કેટ-કેટલી કઠિન સાધનાપદ્ધતિઓ અજમાવી ? પ્રાર્થના, સંતદર્શન, સ્વપ્નદર્શન, 'મા' જગદંબાનાં સૂચનો યોગ, ધ્યાન, સમાધિ. આ બધાંના આધારે અપાર ધીરજ, અથાગ પરિશ્રમ, અત્યંત તીવ્ર લગન, દૃઢ મનોબળ, સ્થિર સંકલ્પ, ઉત્કટ ત્યાગવૃત્તિ, અભય, અતૂટ આત્મવિશ્વાસ, ઊંડી પ્રભુપ્રીતિ...આ સર્વ ગુણો વિકસ્યા જે શુભ પરિણામકારી નીવડ્યા. કહ્યું છે ને 'ઉપરથી તો પ્રકાશધારા વેગથી વહી આવે પણ એ ઝીલવા-ધારવા નીચેથી પણ પાત્રતા, ક્ષમતા પ્રગટવી જોઈએ. અને તો જ ગતિ સંભવે.'

'પ્રકાશના પંથે'માં પૂજ્ય શ્રી યોગેશ્વરજીનું જ એકનું જ આત્મકલ્યાણ સિદ્ધ નથી થયું, જગતકલ્યાણનો મંત્ર પણ એમાંથી જ પ્રગટ્યો છે. પૂજ્ય શ્રી યોગેશ્વરજી પ્રકાશના પંથે જીવનભર રહ્યા. પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી માટે 'પરમ પથદર્શક બની'

એમના થકી જગતના જીવોના કલ્યાણનો પંથ ખુલ્લો કરી ગયા છે.

પ્રકાશનો આ પંથ અ-મરતાનો પંથ છે, શાશ્વતીની સફર છે. પ્રાકૃતતા-સ્થૂળતામાંથી છૂટી દિવ્યતા-સૂક્ષ્મતા તરફની દિશા છે.

આમ, 'પ્રકાશના પંથે' શીર્ષક એકસાથે ઘણાં બધા સૂક્ષ્મ અર્થસંકેતો સિદ્ધ કરી, કૃતિઉઘાડનું નિમિત્ત બની, આત્મકથાકાર પૂજ્ય શ્રી યોગેશ્વરજીના સમગ્ર શીલની, સમગ્ર ચેતનાની સુગંધ પ્રસારે છે. સ્વામી બ્રહ્મરૂપાનંદ કહે છે તેમ, 'એક સંતપુરુષના અનુભવોની અનોખી સંહિતાસમી આ આત્મકથા પરમ પ્રકાશના સાક્ષાત્કારના પવિત્ર પથનો પરિચય કરાવી, એ પંથના પ્રવાસની પ્રેરણા આપે છે' જે શીર્ષકમાં સૂચિત છે.

શ્રી યોગેશ્વરજી સામાન્ય વ્યક્તિ નહીં, એક જ્યોતિર્ધર હતા તેથી તેમનું જ્યોતિર્મય જીવન આ શીર્ષકરૂપે વ્યંજિત થાય છે.

'પ્રકાશના પંથે' એક નક્કર આધ્યાત્મિક આત્મ-ઈતિહાસની છડી પોકારે છે. પૂજ્યશ્રી સ્વયં કહે છે તેમ 'એક નાના સરખા બાળકને પૂર્ણતા કે પ્રકાશને પંથે પ્રવાસ કરવાની પ્રેરણા થઈ તેણે પ્રવાસ શરૂ કર્યો, એના અનુભવો, પરિણામ વગેરેનો પ્રામાણિક ઈતિહાસ આમાં છે.'

પૂજ્યશ્રીએ સ્પષ્ટ કહ્યું છે 'હું યોગભ્રષ્ટ આત્મા નથી. હું તો ઈશ્વરનો એક સાધારણ બાળક છું અને એ રીતે જ રહેવાનું ને પ્રસિદ્ધ થવાનું પસંદ કરું છું.'

તેથી 'પ્રકાશના પંથે'નો જે નાયક છે તે અસાધારણ નહીં, સાધારણ જીવ છે. પણ અસાધારણતા તપોબળે સિદ્ધ કરી રહે છે, પ્રકાશના પંથની ભાળ એકવાર મળી ગયા પછી એ સદા ત્યાં જ સ્થિત રહે છે.



પૂ.યોગેશ્વરજીનું ધ્યેય 'એકમેવ' 'પ્રભુપ્રાપ્તિ'નું જગદંબાદર્શનની એક માત્ર અભીપ્સા ! તે પામવા કહો કે જીવવા આડે—ઊભે જે કંઈ આવ્યું એને વધાવ્યું પણ યાત્રા અટકાવી નહીં.

એટલે એ ધ્યેય પૂર્ણ થતાં 'પ્રકાશના પંથે' પણ સમાપ્ત થાય છે. તેથી 'પ્રકાશના પંથે' શીર્ષક સમગ્ર કૃતિમાં સળંગ એવું ઓતપ્રોત રહે છે કે એમાં 'યાત્રી' શબ્દનું અધ્યાહારપણું પ્રકાશના પંથમાં સંપૂર્ણ એવું રૂપાંતર પામે છે કે, 'જે સૂચિત-સંભવિત પ્રકાશ હતો એ જ સ્વયં પ્રગટ, સ્ફુટ, સિદ્ધ થઈ જાય છે.' અર્થાત્ પરમચૈતન્યને પામી યોગેશ્વરજીનું ચૈતન્ય એવું કૃતાર્થ થઈ જાય છે કે, એમનું 'હું' પણું સંપૂર્ણ વિગલન પામે છે. આત્મકથા આ આત્મસાક્ષાત્કાર થયા પછી 'પ્રકાશના પંથે' મૂક બની જાય છે પણ એ પ્રકાશનાં જ પ્રતિનિધિસમાં પ્રવચનો, શિબિરો, દેશ-વિદેશની યાત્રાઓ બોલકી બની એમના સાત્ત્વિક તેમજ ગુણાતીત સ્વરૂપને પ્રગટાવે છે, જે અનેકોની સાત્ત્વિકતાને પ્રકાશમાં આણે છે. પરિણામે કૃતિસમાપન પછી પણ જાણે શીર્ષકનું સંગીત છાનું રેલાયા કરે છે.

પોતે દીવાદાંડી બની જઈ, પૂ.'મા' સર્વેશ્વરીને સર્ચલાઈટ સ્વરૂપે જગતને ધરી, જાણે 'પ્રકાશના પંથે' પૂજ્યશ્રીની સૂક્ષ્મચેતના આજે પણ પ્રકાશ પાથરતી, અજવાળું પ્રસારતી આપણે સર્વને નિમંત્રતી કહી રહી છે : 'વિકટ પ્રકાશયાત્રા સદા' પણ કરવા જેવી આ એક જ યાત્રા છે. આ પ્રકાશનો પંથ જ પ્રત્યેક આત્માની મંઝિલ બનવા સક્ષમ છે.

આમ, 'પ્રકાશના પંથે' શીર્ષક જેટલું કૃતિના મસ્તકે મુગટમણિની જેમ પ્રકાશે છે તેટલું જ કૃતિની બહાર પણ જીવનમર્મ ઝગમગાવતું પ્રકાશે છે. તેથી શીર્ષક ઔચિત્યસભર

અને સાર્થક કૃતિ માટે જ નહીં, 'ચેતનાવિસ્તાર ચાહતા દરેક અધ્યાત્મપ્રિય જીવ' માટે સાર્થ બની રહે છે.

'પ્રકાશના પંથ'ને આપણા રોજિંદા જીવનપંથ સાથે શો સંબંધ ? કહી વ્યવહારડાહ્યા લોકો આમાં પડતા નથી. પણ, આ તો 'માંહી પડ્યા તે મહાસુખ માણે' એટલે જ મૈત્રેયી ઉચ્ચારી બેસે છે : 'જેના વડે અ-મૃત ન મળવાનું હોય એ લઈને હું શું કરું ?' એટલે જ નચિકેતાએ યમને કહ્યું : 'હું તો અમૃત સંતાન છું મને તમે મૃત્યુનું રહસ્ય કહો.' એટલે જ વિવેકાનંદે શ્રી રામકૃષ્ણને કહ્યું; 'જેનાથી પ્રભુપ્રાપ્તિ ન થવાની હોય એ સિદ્ધિઓને લઈ હું શું કરું ?' એટલે જ સૉક્રેટિસે કહ્યું : 'કોઈ મોરચા-સરઘસમાં ન જોડાવ પણ પોતાના મોરચા, પર સજ્જ થઈને લડાય એટલું લડો' -આ સર્વ ઉદ્‌ગારો 'પ્રકાશના પંથે'ના જ જાણે પડઘા તેમજ પ્રતિઘોષો છે. એટલે 'પ્રકાશના પંથે' શીર્ષક સિદ્ધ કરે છે કે, 'પ્રકાશમાર્ગે ચાલવાનો અધિકાર કોઈ ભણતર, ધનસંપત્તિ કે કુળમાંથી નથી આવતો તે તો સરળ, અકબંધ, અનન્ય પ્રભુપ્રેમમાંથી જ આવે છે.'

ભૌતિક બાહ્ય સંજોગોને અધીન નહીં પણ પોતે નક્કી કરેલ ધ્યેયને વફાદાર રહી જે જીવે એ 'પ્રકાશના પંથે' નહીં હોય તો ય એના 'પંથે પ્રકાશ' આવી જશે.

પૂજ્યશ્રીએ 'પ્રકાશના પંથ' શીર્ષકચરણે ધરેલી આત્મકથા પ્રત્યેક ભાવિકના જીવનપંથનો પ્રકાશ બનવા સક્ષમ છે. આ 'પ્રકાશના પંથે' શીર્ષકમાંથી જાણે ટાગોરનું એક ગીત સ્રવી રહ્યું છે : 'મન ! ચલો નિજ નિકેતને સંસાર વિદેશે, વિદેશીને વેશે ભમો કેમ અકારણે-' આ શીર્ષક ફરી-ફરીને આપણે કહી રહ્યું છે : પ્રકાશમાં જીવનને 'ધૂમાડો' કરી દેવું કે રૂપાંતરિત કરી દેવું એ



માણસના જ હાથમાં છે. એ શીર્ષક પોકારી-પોકારીને કરી રહ્યું છે : તમારી અંદર એક અગ્નિ છે એને બુઝાવા ન દેતાં, એને કશું સળગાવી-ભસ્મસાત્ કરનારી વિનાશક અગનજ્વાળનું રૂપ ન લેવા દેતાં; એમાંથી પ્રકાશનો પંથ પ્રગટ થવા દેજો. એને માટે અથાગ પરિશ્રમ કરવો પડે તો કરજો. કેમકે પ્રમાદી વ્યક્તિની પ્રાર્થના સાંભળવા પ્રભુ પાસે સમય નથી. પુરુષાર્થીની પ્રાર્થના પ્રભુ પલકવારમાં સાંભળે છે.

ગાંધીજીની આત્મકથાને 'સત્યના પ્રયોગો' કહ્યું છે તેની સમાંતરે -'પ્રકાશના પંથે' મૂકી શકાય એમ છે કારણ કે બંનેનો ઉદ્દેશ્ય એક જ છે. ગાંધીજીએ કહ્યું : 'આ મારા આધ્યાત્મિક પ્રયોગો છે. જેની હું ૩૦ વર્ષથી ઝંખના કરી રહ્યો છું એ તો આત્મદર્શન-ઈશ્વર-સાક્ષાત્કાર-મોક્ષ છે. મારું ચલનવલન બધું એ દૃષ્ટિએ જ થાય છે.' જે એકને સારું શક્ય છે તે બધાંને સારું શક્ય છે. માત્ર તત્ત્વોનું વર્ણન નહીં, એના પર રચાયેલો કર્મોનો-જીવાયેલા પ્રભુમય જીવનનો ઇતિહાસ આપવાનો છે.

સત્ય મને જડ્યું છે એવો દાવો નથી પણ હું સત્યનો શોધક છું. એ શોધવાને અર્થે સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર છું. એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને હોમવાની તૈયારી છે અને શક્તિ પણ છે. માર્ગ ખાંડાની ધાર જેવો છતાં સહેલો કારણ કે પ્રિય છે. મારા શ્વાસોચ્છ્‌વાસના સ્વામીથી હું દૂર છું, એ દૂરતા મને સાલે છે, નિકટ જવા મથું છું. -બહુ આશ્ચર્યજનક રીતે 'સત્યના પ્રયોગો' અને 'પ્રકાશના પંથે' સહોદર આત્મકથાઓ લાગે છે. બંનેના આલેખનારા મહાત્મા-સાચા અધ્યાત્મમાર્ગી. સમગ્ર માનવજાતનું

કલ્યાણ વાંચ્છનારા હતા. એટલે બે મહાચૈતન્યોનું 'અંતરતમ સત્ય' આત્મકથાનું વાણીરૂપ-ઉચ્ચારણરૂપ પામે એમાં શું આશ્ચર્ય !! રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની 'wings of Fire' શીર્ષક પણ 'પ્રકાશના પંથે' શીર્ષકની પંગતમાં બેસે એવું છે. એમાં એ કહે છે : 'We all are born with a 'Divine Fire' in us.' Our efforts should be to give wings to this fire and fill the world with the glow of its 'Light.'

તા.ક. : 'પ્રકાશના પંથે'ને 'વિવેક ચૂડામણિ' ઉપશીર્ષક પણ આપી શકાય કારણ કે પૂજ્યશ્રી યોગેશ્વરજીના મસ્તક પર આ નિત્ય-અનિત્ય વસ્તુઓ વચ્ચેના ભેદની સમ્યક્, પાકી, સંપૂર્ણ સમજરૂપી મણિ આત્મસાક્ષાત્કારનો હોવાથી એના પ્રકાશ વડે 'મોક્ષપ્રાપ્તિનો માર્ગ' સદા ઝળાંહળાં-ઝગમગતો બની રહે છે.

પરિણામે શ્રી યોગેશ્વરજીરચિત આત્મકથાનું શીર્ષક 'પ્રકાશના પંથે' ઘણી બધી રીતે સૂચક, માર્મિક, અર્થપૂર્ણ, ઔચિત્યસભર અને સાર્થક બની રહે છે. કૃતિઉઘાડનું અનુપમ દ્વાર બની રહે છે.

આ પ્રકાશ નથી આગિયાનો, નથી તારાનો, નથી ચંદ્રનો, નથી એક સૂર્યનો, કોટિ કોટિ સૂર્યો સમાવતો આ પ્રકાશ છે. એ અંતરાત્માનો પ્રકાશ છે; જે પરમાત્માના પ્રકાશમાં ભળી સ્વયં પ્રકાશરૂપ બની જઈ, યુગો સુધી જગતને અજવાળવા સક્ષમ છે. એ પંથે સતત ગતિમાન રહી પૂજ્યશ્રી યોગેશ્વરજી સ્વયં પ્રકાશરૂપ બની જઈ સ્વયં ધન્ય બન્યા છે અને સમગ્ર વિશ્વ માટે કલ્યાણકારી પથપ્રદર્શક બન્યા છે.

—તરલા દેસાઈ



# ॥ 'હિમાલયના પત્રો'માં તત્ત્વબોધ ॥

પૂજ્યશ્રી યોગેશ્વરજીના આ પત્રો અંગત હોવા છતાં પ્રભુમાર્ગે જવા ઇચ્છુક આત્માર્થીઓ માટે માર્ગદર્શક-પ્રબોધક બની રહે એવા હોવાથી જ. એમણે સ્વયં 'હિમાલયના પત્રો' નામક ગ્રન્થરૂપે પ્રકાશિત કર્યા હતાં.

આપણે શ્રી યોગેશ્વરજીની સાથે-સાથે શ્રી નારાયણભાઈ, શ્રી ભાઈલાલભાઈ તેમજ શ્રી માતાજી જ્યોતિર્મયીના ઋણી છીએ. જેમને સંબોધીને લખાયેલા આ પત્રો તેમણે સાચવી રાખ્યા, જેને પરિણામે આપણને આ અમૂલ્ય પત્રસંગ્રહ પ્રાપ્ત થયો.

અહીં પત્રોને આધારે 'કેટલાક પત્રાંશો' અવતરણોરૂપે રજૂ કરવાનો ઉપક્રમ છે, જેથી એ વિશિષ્ટ વ્યક્તિ કે દેશકાળમાં ન રહેતાં સાર્વજનિક સાર્વત્રિક બની, અંગતતામાંથી સંપૂર્ણ બિનઅંગતતા તરફ વળી ગયા છે, તેથી કેટલાકને પત્રોનું હાર્દ કદાચ જોખમાતું લાગે પણ પૂજ્યશ્રી યોગેશ્વરજીના સર્વ પત્રોમાં પ્રસરેલ 'સૂક્ષ્મ તત્ત્વબોધ' સર્વ જિજ્ઞાસુઓના હૃદયોમાં સુગંધરૂપે પ્રસારવા આ આયોજન વિચાર્યું છે.

એક પ્રભુપ્રેમી સંતનો આત્મા પત્રોમાં અનાવૃત્ત થયો છે તો એ આંતરપ્રદેશના યાત્રી થવાનો સ્નેહાધિકાર હર કોઈ વાચકને સાંપડે એવા શુભાશયથી જ વીગતોના તથ્યોને પરહરી, કેવળ સત્ય—પરમેશ્વર તરફ અભિમુખ કરતા સનાતન-નિત્યનૂતન પત્રાંશોનું સંકલન કર્યું છે.

કહેવાયું છે કે, સૂર્યનું પ્રતિબિંબ જોવા મહાસાગર સુધી જવાની જરૂર નથી, નાનકડા સરોવરમાં પણ એની ઝલક પામી શકાય. તેમ 'શ્રી યોગેશ્વર ચૈતન્યપ્રકાશ' સળંગ પત્રોમાં જ

નહિ, આ પત્રાંશોમાં પણ અનુભવી શકાય એ નમ્ર સમજણમાંથી આ સંકલન સંભવ્યું છે. પત્રલેખનનું નિમિત્ત બનનારા જીવો તો પૂજ્યશ્રીના તેમજ પોતાના પ્રભુ શિવતત્ત્વની અભિજ્ઞા કરી ધન્ય બન્યા પણ એમની પત્રોની સાચવણી દ્વારા આપણા જેવા બીજા અનેક જીવોને પણ એ અભિજ્ઞાયાત્રામાં સાથે લઈ ધન્ય કર્યા છે.

શ્રદ્ધા છે કે, હિમાલયના પત્રોની આ 'અમૃતગંગાની લહેરો'નું સંકલન 'શ્રી યોગેશ્વરચૈતન્યદીપ' બની આપણા જીવનપથને અજવાળશે.★

★ અષ્ટાવક્રે કહ્યું; 'રાજા આ તારી સભામાં પંડિતો નથી. આ તો બધા ચમાર છે... તેઓ મારા શરીરના ચામડાને જ જોઈને હસ્યા છે. પણ તેમણે મારી અંદર રહેલી ઈશ્વરી પ્રકાશની જ્યોતિને-આત્માની દીપશિખાને જોઈ નથી.'

★

ભગવાનને પ્રેમ કરવાથી ભગવાન આપણો દેવાદાર થઈ જાય છે. પછી તે આપણી પૂરેપૂરી સંભાળ લે છે. માટે ખૂબ તન-મનથી તેનું સ્મરણ-ભજન કરવું જોઈએ.

★

હું જીવતો હોઈશ ત્યાંસુધી ભારતને અશાંત, દુ:ખી, દલિત કે હડધૂત થવા દઈશ નહીં કે ઈશ્વરને કદીયે ને કોઈએ કારણથી વધારે ઉપેક્ષણીય કે વિસ્મૃત કોઈને ય હાથે થવા દઈશ નહીં.

અમૃતમય અ-ક્ષર સ્વરૂપ શ્રી યોગેશ્વરજીને પ્રણમી વિરમું :

'યા યોગેશ્વર—ચેતના સર્વહૃદયેષુ પત્રરૂપેણ સંસ્થિતા: ।
નમોસ્તસ્યૈ, નમોસ્તસ્યૈ, નમોસ્તસ્યૈ નમોનમ: ॥'

**—સંકલન**



## ॥ 'ગાંધી ગૌરવ' : એક વિશિષ્ટ પુરસ્કૃત કૃતિ ॥

ગાંધીજીને કેવળ રાષ્ટ્રીય નેતા તરીકે નહીં પરંતુ એક મહાન વિશ્વમાનવ તરીકે જ્યોતિર્ધરરૂપે 'ગાંધીગૌરવ' કાવ્યથી પોંખતાં પહેલાં શ્રી યોગેશ્વરજી વિનમ્રસ્વરે કહે છે :

'સ્ફુલ્લિંગ લક્ષ પણ સૂર્યબરાબરી ના
કો દી કરે, કુસુમ કાગળનાં અનેરાં
સૌ સત્યપુષ્પસસૌરભને ધરે ના.'

છતાં ગાંધીજી એમને એવા 'મહાન ગુણાનિધાન' લાગે છે, તેમનાથી કવિતાપ્રશસ્તિ થઈ જ જાય છે.

ગાંધીશતાબ્દીના અવસર પર એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષને આ કૃતિની અનુરાગભરી અંજલિ આપતાં તેઓશ્રી સ્પષ્ટ કરે છે કે; 'ગાંધીજીના જીવનનો એક ખાસ હેતુ હતો એની પૂર્તિ માટે જ આ પૃથ્વી પર પ્રકટ થયેલા. એ હેતુ હતો ભારતની સ્વતંત્રતાનો, કરોડો દેશબાંધવોની મુક્તિનો તથા સંસારને શાંતિ ને માનવતાનો સંદેશ આપવાનો. એ હેતુની સિદ્ધિ માટે જ એમનું જીવન હતું.'

'ગાંધીગૌરવ' મા યોગેશ્વરજીએ ગાંધીજીનું આખેઆખું જીવન નહીં પણ એમના પ્રેરક પ્રસંગો જ પસંદ કરી, જે જે વસ્તુ પ્રબોધક લાગી, ચમત્કૃતિજનક લાગી; એને નિરૂપી છે.

યોગેશ્વરજી પોતે સાધક હોઈ ગાંધીજીની જીવનસાધના સમજતાં એમને મુશ્કેલી નથી પડી. ગાંધીજીની વ્યવહારકુશળતા, આર્યસંસ્કારિતા, કે માનવહિતની તત્પરતા દર્શાવતા પ્રસંગો દ્વારા કવિશ્રી આપણને 'માનવ્યની દીક્ષા' આપતા લાગે.

કાવ્યના પ્રત્યેક શબ્દમાં આપણને ગાંધીજીના જીવનનું લોકોત્તર ચારિત્ર્ય ચળકતું એવું પ્રતીત થાય છે કે, કાકાસાહેબ કાલેલકર કહે છે તેમ; ''ગાંધીગૌરવ' કેવળ આસ્વાદ્ય જ નહીં, બોધક અને પ્રેરક પણ થયું છે.'

'ગાંધીગૌરવ'ની આંખે ઊડીને વળગે એવી વિશેષતા એ છે કે, કવિશ્રી ગાંધીજીના જીવનની સ્થૂળ વીગતોને નહીં, એ તથ્યો પાછળ વિલસતા સત્યને ઉપસાવવા, હકીકતો પર કલ્પનાના કળશ ઢોળે છે. એટલે અભિવ્યક્તિ અત્યંત કલાત્મક બને છે પરિણામે ગાંધીજીનો મહિમા અધિક સોહી રહે છે. એનું એક જ ઉદાહરણ લઈએ તો, ગાંધીજીની માતાનું હાલરડું જેમાં 'જન્મમાત્ર પામ્યાથી જગમાં ઉજ્જવળ કોઈ થાય નહીં. પરિશ્રમ કરી પૂર્ણ અન્યને પ્રકાશ અર્પ્યો. સત્ત્વ ધર્યું એ જીવનને ધન્ય કહ્યાં.' એ ભાવનું લગભગ સોએક પંક્તિઓમાં આવર્તન કરી, એનું રહસ્ય સંકેતતાં કહે છે :

'એને (માને) ક્યાંથી ખબર જગને જ્યોતિ જે તારનારી
ઝૂલે છે તે શિશુસ્વરૂપમાં પારણે આજ આવી ?'

આવાં રસસ્થાનો કૃતિમાં ઠેરઠેર છે પણ તે આસ્વાદવા સ્વયં કૃતિ પાસે જવું પડે.

ગાંધીજીના મહાન જીવન-કવનને સમજવા અભિવ્યક્ત કરવા હજારો સાહિત્યકારો-તત્ત્વજ્ઞોએ પ્રયત્નો કર્યા છે એમાં શ્રી યોગેશ્વરજી રચિત 'ગાંધીગૌરવ' એક કીંમતી ઉમેરો છે. એટલું જ નહીં 'સત્યના ઉપાસક' અને 'માનવતાના પૂજારી' તરીકેનું તેઓશ્રીનું આલેખન એના સરળ, પ્રસાદયુક્ત પદ્ય સુગ્રથિત સંકલન તેમજ નિરાડંબરી, સહજ સુંદર ભાષાથી અત્યંત રસપ્રદ બની રહે છે.



સાચે જ, શ્રી યોગેશ્વરરચિત 'ગાંધીગૌરવ' કૃતિ શ્રી યોગેશ્વરજીની સર્વ સર્જનાત્મક કૃતિઓમાં શિરમોર સમી છે.

**'કાગળ બની જાય છે જાજમ અને કલમ બની રહે છે બંદગી.'**

આવું સિદ્ધ થવા છતાં કવિશ્રીને દિવ્ય અસંતોષ (divine discontent) રહેતો હોય એમ કાવ્યાન્તે જાણે સૂચવે છે કે, આ કૃતિ ગાંધીજીના મહિમા માટે પૂર્ણવિરામ નથી, અલ્પવિરામ છે.

'જેમ જેમ વધારે ને વધારે પ્રેમભાવથી
રટશે સ્તવશે ભાવે ભજશે ધ્યાનને ધરી
પ્રેરણા તેમ પૃથ્વીમાં પ્રકટીને પ્રવર્તશે
પ્રશાંતિ મળશે મીઠી મહાઅમૃત મર્ત્યને.'

**—એક અભ્યાસી**

## દેહધારણનું પ્રયોજન

મારી નાનીમોટી બધી જ પ્રવૃત્તિનું પરમ ધ્યેય એકમાત્ર તમારી પ્રસન્નતા ને સેવા છે. એ માટે જ મારા શ્વાસોશ્વાસ છે. મારા જીવનનું એકમાત્ર લક્ષ્ય તમારી સેવા, પૂજા, પ્રસન્નતા છે.

મારું હલનચલન, પરિભ્રમણ, લેખન, કવન, બધું એ માટે જ થયા કરે છે. એ માટે જ મારી જાગૃતિ છે; એ માટે જ છે મારી નિદ્રા તથા તંદ્રા.

તમારી પ્રસન્નતા ને પૂજાથી અધિક મારે મન કશું જ નથી. એ માટે જ છે મારું દેહધારણ.

**—શ્રી યોગેશ્વરજી**